dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 285 | AD - 2026, Ashadh Sud -08 | Tuesday, Dt. 21-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## વિરોધીઓને વિખેરવા પોલીસે લાઠીચાર્જ અને ટીયરગેસરના સેલ છોડ્યા

# શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે વિરોધીઓની સંસદ કૂચ

નવીદિલ્હી,તા.૨૦

શિક્ષણ પ્રણાલીમાં સુધારા, નીટ પેપર લીક કેસની નિષ્પક્ષ તપાસ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે દિલ્હીના જંતર-મંતર પર ચાલી રહેલા વિરોધ પ્રદર્શન દરમિયાન સંસદ કૂચ પહેલાં ભારે હંગામો સર્જાયો હતો. વિરોધીઓને રોકવા માટે જંતર-મંતર અને આસપાસના વિસ્તારમાં બેરિકેડ ગોઠવવામાં આવ્યા હતા. પ્રદર્શનકારીઓ સંસદ તરફ આગળ વધતા પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે બંને પક્ષો વચ્ચે ધક્કામુક્કી અને તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી.

વિરોધીઓ આરબીઆઈ તરફ આગળ વધ્યા ત્યારે પોલીસે હળવો બળપ્રયોગ કર્યો હતો. કેટલીક જગ્યાએ લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો અને ભીડને વિખેરવા માટે ૫૦થી વધુ ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. કેટલાક પ્રદર્શનકારીઓ દ્વારા પોલીસ પર પથ્થરમારો કરાયો હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંસદ પરિસરમાં સીઆઈએસએફ દ્વારા ગેટ નંબર ૧ બંધ કરવામાં આવ્યો હતો.

દિલ્હી પોલીસે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે પોલીસ હિંસા અને અટકાયત અંગે પ્રસરી રહેલા કેટલાક અહેવાલો ભ્રામક છે. વિરોધ પ્રદર્શનને કાયદેસર રીતે સંભાળવામાં આવી રહ્યું છે અને



લોકોને અફવાઓથી દૂર રહી શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી હતી.

કોકરોચ જનતા પાર્ટી દ્વારા આયોજિત વિરોધમાં નીટ પેપર લીક કેસની નિષ્પક્ષ તપાસ, અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થયેલી ગેરરીતિઓ સામે કાર્યવાહી, શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ અને દેશમાં વધતી બેરોજગારીના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

વિરોધને ધ્યાનમાં રાખીને દિલ્હી અને નોઈડાને જોડતા તમામ મુખ્ય માર્ગો પર સુરક્ષા વધારવામાં આવી હતી. દરેક વાહનની તપાસ થતાં ડીએનડી ફ્લાયઓવર સહિત અનેક માર્ગો પર લાંબા ટ્રાફિક જામ સર્જાયા હતા. ઓફિસ જતાં લોકો અને અન્ય મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આંદોલન દરમિયાન કોકરોચ જનતા પાર્ટીના નેતા અભિજીત દીપકે પોતાનો ઉપવાસ સમાપ્તકર્યો હતો, જ્યારે સોનમ વાંગચુક હજુ પણ સફદરજંગ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમની પત્ની ગીતાંજલિ આંગ્મોએ કહ્યું હતું કે લોકો પોતાના હક્ક માટે રસ્તા પર ઉતરવા મજબૂર બને તે દુર્ભાગ્યપૂર્ણ છે.

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે સરકાર પર પ્રહાર કરતાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓને ન્યાય મળવો જોઈએ અને તેમના વિરોધને દબાવવાના બદલે તેમની વાત સાંભળવી જોઈએ. તેમણે રોજગાર અને પારદર્શક પરીક્ષા પ્રણાલી અંગે પણ સરકારને સવાલો પૂછ્યા હતા. આ દરમિયાન આમ આદમી પાર્ટીના નેતાઓ મનીષ સિસોદિયા, આતિશી અને સંજય સિંહ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો સાથે સંસદ તરફ કૂચ કરી રહ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં રાજકીય ગરમાવો અને ચુસ્ત સુરક્ષાનો માહોલ જોવા મળ્યો હતો.

# ભારત-અમેરિકા વેપાર કરારના વિરોધમાં ખેડૂતોની આજે દિલ્હીમાં મહાપંચાયત યોજાશે

ચંડીગઢ, તા.૨૦

ભારત-અમેરિકા પ્રસ્તાવિત વેપાર કરારના વિરોધમાં દેશના વિવિધ રાજ્યોના ખેડૂતો આજે દિલ્હીના કિસાન ઘાટ ખાતે મહાપંચાયત યોજશે. ખેડૂત નેતા સર્વન સિંહ પંધેરે જણાવ્યું હતું કે આ વેપાર કરાર ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડનાર હોવાથી તેનો જોરદાર વિરોધ કરવામાં આવશે. તેમણે કહ્યું કે કરાર અમલમાં આવશે તો કૃષિ ક્ષેત્ર અને ખેડૂતોને ગંભીર અસર થઈ શકે છે, તેથી ખેડૂતો સંગઠિત રીતે પોતાનો અવાજ ઉઠાવશે.

દેશ બચાવો મોરચાના આહ્વાન પર યોજાનારી આ મહાપંચાયતમાં પંજાબ, હરિયાણા, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને ઓડિશાના ખેડૂતો મોટી સંખ્યામાં જોડાશે. સોમવારથી જ પંજાબ સહિતના વિસ્તારોમાંથી બસો દ્વારા ખેડૂતો દિલ્હી તરફ રવાના થયા હતા. ખેડૂત સંગઠનોએ ખેડૂતો, મજૂરો અને યુવાનોને પણ




મહાપંચાયતમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી છે.

પંધેરે જણાવ્યું હતું કે મહાપંચાયતનો મુખ્ય હેતુ કેન્દ્ર સરકાર સુધી ખેડૂતોની ચિંતાઓ પહોંચાડવાનો અને વેપાર કરાર અંગે પુનર્વિચાર કરવાની માંગ ઉઠાવવાનો છે. તેમણે ચેતવણી આપી હતી કે જો ખેડૂતોને દિલ્હી પહોંચતા રોકવાનો પ્રયાસ કરવામાં આવશે તો તેનો લોકશાહી રીતે જોરદાર વિરોધ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે દરેક નાગરિકને પોતાના અધિકારો માટે શાંતિપૂર્ણ રીતે અવાજ ઉઠાવવાનો અધિકાર છે અને સરકાર પણ કાર્યક્રમને શાંતિપૂર્ણ રીતે યોજાવા માટે સહયોગ આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# સિંધુ જળ સંધિ મુદ્દે પાકિસ્તાનની ચિંતા વધી, ચીનને સામેલ કરવાનો પ્રયાસ

નવી દિલ્હી, તા.૨૦

સિંધુ જળ સંધિ સ્થગિત થયા બાદ પાકિસ્તાનમાં ચિંતા અને ગભરાટનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. પાકિસ્તાને આરોપ લગાવ્યો છે કે ભારત પાણીના પ્રવાહ પર નિયંત્રણ વધારી રહ્યું છે, જેના કારણે દેશની મોટી વસ્તી પર અસર થઈ શકે છે. તાજેતરમાં પાકિસ્તાનના કેટલાક નેતાઓએ પાણીના મુદ્દે કડક નિવેદનો આપ્યા છે, જ્યારે ભારતે પશ્ચિમી નદીઓ પર ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટની




કામગીરી વધુ ઝડપી બનાવી છે.

ચેનાબ-બિયાસ લિંક ટનલ, રણવીર કેનાલના વિસ્તરણ સહિતના પ્રોજેક્ટ પર કામ આગળ વધારવામાં આવી રહ્યું છે. સાથે જ ભારતે પાકિસ્તાન સાથે હાઈડ્રોલોજિકલ ડેટા વહેંચવાનું પણ બંધ કર્યું છે, જેના કારણે નદીઓના પાણીના પ્રવાહ અંગે પાકિસ્તાનને સમયસર માહિતી મળી રહી નથી.

આ દરમિયાન પાકિસ્તાન રાજદ્વારી અને વ્યૂહાત્મક વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. ઈસ્લામાબાદમાં યોજાયેલા એક આંતરરાષ્ટ્રીય સેમિનારમાં સિંધુ જળ સંધિના મુદ્દે ચીનની ભૂમિકાનો પરોક્ષ સંકેત આપવામાં આવ્યો હતો. વિશ્લેષકોનું માનવું છે કે પાકિસ્તાન હવે આ મુદ્દે ચીનને પોતાની તરફેણમાં સામેલ કરવાનો પ્રયાસ કરી શકે છે, જ્યારે ભારત પોતાના જળ સંસાધન સંબંધિત પ્રોજેક્ટ પર મક્કમપણે આગળ વધી રહ્યું છે.

## મહાગઠબંધનના ધારાસભ્યોએ નીટ પેપર લીક, વધતા ગુનાઓ અને અન્ય મુદ્દાઓને લઈને સરકાર સામે વિરોધ

# બિહાર વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે ૮૭ હજાર કરોડનું પૂરક બજેટ રજૂ

પટણા, તા.૨૦

બિહાર વિધાનસભાનું પાંચ દિવસીય ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થયું હતું. સત્રના પ્રથમ દિવસે નવા સભ્યોના નામાંકન, વિવિધ સમિતિઓની રચના, શોક પ્રસ્તાવો અને નાણાકીય કામગીરી સહિતની મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નાણામંત્રી વિજેન્દ્ર પ્રસાદ યાદવે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે અંદાજે ૮૭ હજાર કરોડ રૂપિયાનું



પ્રથમ પૂરક બજેટ ગૃહમાં રજૂ કર્યું હતું.

સત્ર શરૂ થતાં પહેલાં આરોગ્ય મંત્રી નિશાંત કુમારે વિધાનસભા અધ્યક્ષ પ્રેમ કુમાર સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વિધાનસભામાં તેમનો આ પ્રથમ દિવસ છે અને અનુભવી નેતાઓના માર્ગદર્શન હેઠળ કામ કરવાની તક તેમના માટે ગૌરવની બાબત છે.બીજી તરફ મહાગઠબંધનના ધારાસભ્યોએ નીટ પેપર લીક, વધતા ગુનાઓ અને અન્ય મુદ્દાઓને લઈને સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે ગૃહમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. સત્તાપક્ષના સભ્યોએ પણ તેજસ્વી યાદવના વિદેશ પ્રવાસને લઈને સવાલો ઉઠાવ્યા હતા. સ્પીકરની સમજાવટ બાદ બંને પક્ષના સભ્યો શાંત થયા હતા. ગૃહમાં રાજ્યપાલ દ્વારા જાહેર કરાયેલા વટહુકમોની નકલો રજૂ કરવામાં આવી હતી તેમજ વિવિધ સમિતિઓના અહેવાલો પણ ટેબલ પર મૂકવામાં આવ્યા હતા. દિવસની કાર્યવાહી પૂર્ણ થયા બાદ શોક પ્રસ્તાવ પસાર કરીને વિધાનસભાની બેઠક મંગળવાર સુધી સ્થગિત કરવામાં આવી હતી.

# અભિજીત દીપકે અને વિદ્યાર્થીઓએ ભૂખ હડતાળ સમાપ્ત કરી

નવી દિલ્હી, તા.૨૦

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેએ સોનમ વાંગચુકની વિનંતી બાદ પોતાની અનિશ્ચિત ભૂખ હડતાળ સમાપ્ત કરી હતી.


સોનમ વાંગચુક હાલમાં સફદરજંગ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બીજી તરફ ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશનના ત્રણ કાર્યકરોએ પણ ૨૩ દિવસ બાદ જંતર-મંતર ખાતે પોતાની ભૂખ હડતાળ પૂર્ણ કરી હતી. વિપક્ષી નેતાઓ, સામાજિક કાર્યકરો અને નાગરિક સમાજના પ્રતિનિધિઓની અપીલ બાદ આ નિર્ણય લેવાયો હતો.

વિદ્યાર્થીઓએ નીટ પરીક્ષા અનિયમિતતાઓની ન્યાયિક તપાસ, શિક્ષણ પ્રણાલીમાં સુધારા અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે આંદોલન શરૂ કર્યું હતું. પ્રતિનિધિમંડળે ખાતરી આપી હતી કે તેમની માંગણીઓ ચોમાસા સત્ર દરમિયાન સંસદમાં ઉઠાવવામાં આવશે અને લોકશાહી માધ્યમોથી સંઘર્ષ આગળ વધારવામાં આવશે.







# અમરેલીના નાનાભંડારીયા ગામમાં તસ્કરોએ એક જ રાત્રે ચાર મકાનોને બનાવ્યા નિશાન

અમરેલી,તા.૨૦



અમરેલીના નાનાભંડારીયા ગામમાં ગઈ મોડી રાત્રે તસ્કરોએ ધાડ પાડી એક જ રાત્રે ચાર મકાનોને નિશાન બનાવતા ગામમાં ભયનો માહોલ સર્જાયો છે. તસ્કરો ઘરના દરવાજા અને તાળા તોડી અંદર પ્રવેશ્યા હોવાનું જાણવા મળ્યું છે. મકાનોમાંથી રોકડ રકમ, દાગીના અને અન્ય કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરવામાં આવી હોવાની પ્રાથમિક માહિતી મળી છે. સવારે ઘટનાની જાણ થતાં ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. તસ્કરોને ઝડપી પાડવા માટે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે. ગામમાં સતત વધતી ચોરીની ઘટનાઓને લઈને લોકોમાં ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે.

# જન્મ-મરણની નોંધણીમાં પડતી મુશ્કેલીઓ નિવારવા વડિયાના વકીલોએ મામલતદારને કરી રજુઆત

**જન્મ મરણ અધિનિયમ તળે રજુ થતી અરજીઓમાં પડતી મુશ્કેલી**

વડિયા,તા.૨૦

વડિયાના બાર એશોસિએશનના પ્રમુખ ભીખુભાઈ વોરાએ સ્થાનિક વકીલોની રજુઆત અન્વયે વડિયા મામલતદારને જન્મ મરણ અધિનિયમ તળે રજુ થતી અરજીઓમાં પડતી મુશ્કેલીઓનો ત્વરિત નિકાલ માટે લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. તેમના જણાવ્યા અનુસાર, રાજ્યપાલ તરફથી થયેલ આદેશ અનુસાર જન્મ-મરણ અધિનિયમ તળે ગુણદોશ ઉપર આવતી અરજીઓનો નિકાલ કરવાની મામલતદારને સત્તા છે. જેમાં મરણ નોંધની અરજીમાં અરજદાર પેઢીનામું, મૃતકના ફોટા, સંમતિપત્ર જેવી વધારાની કાર્યવાહીથી પક્ષકારોને પારાવાર મુશ્કેલીઓ પડે છે અને સમય પણ બગડે છે. જ્યારે જન્મ-મરણનું પ્રમાણપત્ર એ જાહેર ડોક્યુમેન્ટ છે અને અરજદારો અને સાહેદોના સોગંદનામા માન્ય છે, જો કોઈ પક્ષકાર ખોટું સોગંદનામુ કરે તો ફોજદારી ગુનો બંને છે. જે અંગે વહીવટી સરળતા માટે બિનજરૂરી ડોક્યુમેન્ટનો આગ્રહ નહિ રાખતા જાહેર નોટિસ અથવા સામે વાળાના એન.ઓ.સી. લઈ ને તાકીદ હુકમ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી.

# સા.કુંડલાના વોર્ડ નં.પાંચ વણઝારા વાસમાં નવીન રોડનું ખાતમુહૂર્ત

સાવરકુંડલા,તા.૨૦



સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ૫માં વિકાસના નવા અધ્યાયનો શુભારંભ થયો છે. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાના માર્ગદર્શન હેઠળ વોર્ડના સદસ્ય શ્રી ચંપુભાઈ ધાધલ અને ઉષાબેન મહેતાના પ્રયાસોથી વણઝારા વાસ વિસ્તારમાં નવા રોડના નિર્માણ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, ઉપપ્રમુખ નૂતનબેન તન્ના, દિનેશભાઈ રાઠોડ, કારોબારી ચેરમેન જીગ્નેશભાઈ ટાંક, દંડક અરવિંદભાઈ મેવાડા ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાતમુહૂર્ત કરાયું હતું.

# ૧૨ વર્ષ જૂના અપહરણ-પોક્સોના કેસનો આરોપી મોરબીથી ઝડપાયો

અમરેલી,તા.૨૦



અમરેલી એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનીટ (AHTU) અને પોલીસે ગુનાખોરી ડામવા અને ગુમ થયેલા બાળકોને શોધવાની ખાસ ઝુંબેશ અંતર્ગત એક પ્રશંસનીય અને અત્યંત સંવેદનશીલ કામગીરી કરી છે. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૪માં નોંધાયેલા અપહરણ અને પોક્સો (POCSO) એક્ટ સહિતની ગંભીર કલમો હેઠળના એક કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. છેલ્લા ૧૨ વર્ષથી વધુ સમયથી અન-ડીટેક્ટ, બ્લાઈન્ડ અને અજાણ્યા આરોપીવાળા આ અતિસંવેદનશીલ કેસને ઉકેલવા પોલીસ ટીમ સતત કાર્યરત હતી. આ દરમિયાન હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેક્નીકલ સોર્સની મદદથી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે ટીમે મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ભલગામડા ગામે વસ્તી ગણતરી કરનાર શિક્ષક સ્ટાફ તરીકે ઓળખ છુપાવીને તપાસ હાથ ધરી હતી. ત્યાં ખાતરી કર્યા બાદ, પોલીસે આરોપી સંજય રાજુભાઈ દેત્રોજા (ઉં.વ. ૩૩) ને ઝડપી પાડ્યો છે અને તેની કસ્ટડીમાંથી ભોગબનનાર સગીરાને સુરક્ષિત રીતે શોધી કાઢીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીના હનુમાન પરા રોડ પર વગર વરસાદે જળબંબાકાર, તંત્ર સામે રોષ

અમરેલી,તા.૨૦



હનુમાન પરા રોડ પર આવેલી પાઠક સ્કૂલ પાસે વગર વરસાદે પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. રસ્તા પર પડેલા વિશાળ અને જીવલેણ ખાડાઓમાં ગંદુ પાણી ભરાતા તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી અને જળનિકાલ વ્યવસ્થાની પોલ ખુલ્લી પડી ગઈ છે. વાહનચાલકો અને શાળાએ જતા નિર્દોષ ભૂલકાંઓ પર અકસ્માતનું સદા પાકી જોખમ તોળાઈ રહ્યું છે. વારંવારની રજૂઆતો છતાં નિષ્ક્રિય બનેલું પાલિકા તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગી તાત્કાલિક ધોરણે આ રસ્તાનું સમારકામ હાથ ધરે તેવી સ્થાનિકોમાં ઉગ્ર માંગ ઉઠી છે.

# અમરેલીમાં આવેલી કન્યા શાળાઓના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્પર્ધાઓ સાથે કલા-સાહિત્ય કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૦



અમરેલી સ્થિત ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે એક ભવ્ય કલા-સાહિત્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત બી.એન. વિરાણી માધ્યમિક કન્યા શાળા, લેઉવા પટેલ ટ્રસ્ટ માધ્યમિક કન્યા શાળા અને એ.બી. પાંચાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં નિબંધ લેખન, રંગોળી, વક્તૃત્વ, ચિત્રકલા, જેવી વિવિધ સ્પર્ધાઓ રાખવામાં આવી હતી.

# અમરેલીના વોર્ડ નં. ૩ શાસ્ત્રીનગરમાં ભાજપના નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન કરાયું

અમરેલી,તા.૨૦



અમરેલીના વોર્ડ નં. ૩ના શાસ્ત્રીનગર વિસ્તારમાં અનુસૂચિત જાતિના આગેવાનો દ્વારા અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના નવનિયુક્ત જિલ્લા પ્રમુખ મુકેશભાઈ બગડા તેમજ અમરેલી નગરપાલિકા વોર્ડ નં. ૩ના સદસ્ય અને જિલ્લા ભાજપ કારોબારી સભ્ય રીનાબેન દેવરાજભાઈ બાબરીયાનું શાલ અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. વિસ્તારના સામાજિક અને સંગઠનાત્મક કાર્યોમાં સક્રિય યોગદાન બદલ દેવરાજભાઈ બાબરીયાનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શહેર ભાજપના મંત્રી કિરણબેન પડાયા અને પ્રવિણાબેન રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. વિજયભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ બગડા, ભરતભાઈ પરમાર, જયાબેન પરમાર, મનજીભાઈ બગડા, ભગવાનભાઈ સોલંકી, જયરાજભાઈ દાફડા, પ્રેમજીભાઈ વાઘેલા, ભરતભાઈ બગડા, બેચરભાઈ બગડા અને નાજભાઈ ખૂમાણ સહિત આગેવાનોએ નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી.



Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


# સાવરકુંડલા સરદાર સેવા પટેલ સમિતિની મુખ્યમંત્રીને રજૂઆત

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલાની સરદાર સેવા પટેલ સમિતિના પ્રમુખ પરસોતમભાઈ કાનાણીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવીને લોકહિતના પ્રશ્નો રજૂ કર્યા છે. તેમણે જણાવ્યું કે સિંહ અને દીપડા જેવા હિંસક વન્યપ્રાણીઓના હુમલાથી ખેડૂતો, માલધારીઓ અને પશુધનને મોટું નુકસાન થાય છે. 'વનતારા' પ્રોજેક્ટની જેમ સરકારે પણ યોગ્ય અભયારણ્ય બનાવી માનવજીવન અને વન્યજીવ સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવું જોઈએ. આ સાથે જ તેમણે અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ખારાપાટ વિસ્તારના ખેડૂતોની સમૃધ્ધિ અને કૃષિ વિકાસ માટે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા રજૂઆત કરી છે.

# બગસરામાં બેન્ક ઓફ બરોડાના સ્થાપનાદિનની કરાઈ ઉજવણી


બગસરા,તા.૨૦



તસવીર : હાર્દિક બામટા

બેન્ક ઓફ બરોડાના ૧૧૯મા સ્થાપના દિન નિમિત્તે બગસરામાં બેન્કની શાખાને શણગારવામાં આવી હતી અને ગ્રાહકોને મોં મીઠા કરાવ્યા હતા. બ્રાન્ચ મેનેજર રાકેશભાઈ ક્રિશ્ચન દ્વારા ગ્રાહકોને સાયબર જાગૃતિ વિશે સમજણ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બેન્ક ઓફ બરોડાની હાલમાં ૧૭ દેશોમાં ૮૨ શાખા છે, જ્યારે ભારતમાં પણ ૮,૬૦૦ કરતાં વધારે શાખા છે. આ બેંકની સ્થાપના સયાજીરાવ ગાયકવાડ દ્વારા કરવામાં આવી હતી.

## જાહેર નોટિસ



આથી અમે નીચે સહી કરનાર (૧) રામજીભાઈ બીજલભાઈ કળસરિયા, ઉ.વ. ૪૮, બંને રહે. મું. માંડળ તા. રાજુલા જી. અમરેલી. વાળા આ જાહેર નોટીસ આપી જનતા તથા લાગતા વળગતાને જાણ કરીએ છીએ કે,

અમો ઉપર જણાવેલ તથા નીચે સહી કરનાર ઉપરના સરનામે અમારા કુટુંબ સાથે રહીએ છીએ. અમારા કુટુંબમાં અમારા કુટુંબના સભ્યો પૈકી અમારા પુત્ર નામે સુરેશ રામજીભાઈ કળસરિયા રહે. માંડળ છે. જે અમારાં કુટુંબની રીત-રસમને અનુસરતા નથી અને અમારા કહ્યામાં નથી તેમજ સમાજમાં અમારી બદનામી થાય તેવું વર્તન-વ્યવહાર કરતા આવેલ છે અને મનસ્વી રીતે જીવન જીવે છે. આ ઉપરમાં જણાવેલ અમારા પુત્ર સુરેશ રામજીભાઈ કળસરિયા રહે. માંડળ તા. રાજુલા જી. અમરેલી વાળાને અમારી તમામ પ્રકારની સ્થાવર-જંગમ મિલકતમાંથી બેદખલ કરીએ છીએ અને ભવિષ્યમાં અમારી તમામ પ્રકારની સ્થાવર-જંગમ મિલકતમાં તેઓ એટલે કે સુરેશ રામજીભાઈ કળસરિયા રહે. માંડળ નો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો વગેરે રહેશે નહીં. તેમજ તેઓ સમાજની કોઈપણ વ્યક્તિ કે અન્ય કોઈપણ સંસ્થા, બેન્ક, સરકારી બેન્ક, અર્ધસરકારી બેન્ક કે કોઈપણ ઓથોરિટી પાસે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરે તો તેમાં અમો ઉપર જણાવેલ તથા નીચે સહી કરનાર રામજીભાઈ બીજલભાઈ કળસરિયા રહે. માંડળ વાળા ની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં કે અમારા હક્ક-હિતને બંધનકર્તા રહેશે નહીં. અને છતાં પણ સમાજની કોઈ વ્યક્તિ કે કોઈપણ આપના પ્રકારના વ્યવહાર કે વર્તણૂક અમારા પુત્ર સુરેશ રામજીભાઈ કળસરિયા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરે તો તેની સંપૂર્ણ જવાબદારી તેઓ એટલે કે વ્યવહાર કરનાર પક્ષકારોની રહેશે અને તેમાં અમો આ જાહેર નોટીસ આપનારની કોઈ જવાબદારી રહેશે નહી કે અમારા કોઈ હક્ક-હિતને બંધનકર્તા રહેશે નહી.

જેની તમામ બહેરે જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

**સ્થળ : રાજુલા** **તારીખઃ ૨૦/૦૭/૨૦૨૬**

**સહી,**
**રામજીભાઈ બીજલભાઈ કળસરિયા**
**અમારા મારફત અમોની સુચના અનુસાર**








|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧॥ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



**યમુના જ્વેલર્સ**

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

**અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.**

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# બગસરામાં ભૂગર્ભ ગટરના ઉતરી ગયેલા ઢાંકણાંથી અકસ્માતનો ભય, લોકોમાં રોષ

બગસરા,તા.૨૦

બગસરા શહેરમાં નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને તેના માટે છેલ્લા વર્ષથી વેરો પણ વસૂલવામાં આવી રહ્યો છે. તેમ છતાં શહેરના અનેક માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની કુંડીઓના ઢાંકણાં રોડના લેવલથી નીચે ઉતરી ગયા છે અથવા તૂટી ગયેલી હાલતમાં જોવા મળે છે. વરસાદી માહોલમાં કેટલીક જગ્યાએ ગટરના પાણી રસ્તા પર વહેતાં હોવાથી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને મહિલાઓ, વૃધ્ધો અને દ્વિચક્રી વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ વધી ગયું છે. સ્થાનિકોમાં આક્ષેપ છે કે માર્ગ નિર્માણ દરમિયાન ગટરના ઢાંકણાં અને રોડનું લેવલ સમાન રાખવામાં બેદરકારી દાખવાઈ છે. અનેક રજૂઆતો છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં ઉતરી ગયેલા અને ક્ષતિગ્રસ્ત ઢાંકણાં બદલવાની લોકો દ્વારા માંગ ઉઠી છે.


તસવીર : હાર્દિક બામટા

# ખીજડિયા (ખારી) ગામે કૂવામાં ડૂબેલા અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ બહાર કઢાયો

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લાના ખીજડિયા ખારી ગામના વાડી વિસ્તારમાં આવેલા કૂવામાં અજાણ્યો વ્યક્તિ ડૂબી જવાની ઘટના સામે આવી હતી. સવારે ૧૦:૦૫ કલાકે અમરેલી ફાયર કંટ્રોલ રૂમને ઘટનાની ટેલિફોનિક જાણ થતાં ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.બી. બાંભણિયાના માર્ગદર્શન હેઠળ ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમે કુશળતા અને સાવચેતીપૂર્વક રેસ્ક્યુ કામગીરી હાથ ધરી કૂવામાંથી મૃતદેહ બહાર કાઢી પરિવારજનોને સોંપ્યો હતો. કામગીરીમાં ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, જગદીશભાઈ ભુરીયા અને કૌશિકભાઈ પરમારે મહત્વની કામગીરી બજાવી હતી.



**અમરેલી ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસની ટીમે તાત્કાલિક રેસ્ક્યુ કામગીરી કરી મૃતદેહ પરિવારને સોંપ્યો**

# લાઠીના જરખીયા ગામે શૌચાલય જવાના બહાને નીકળેલી યુવતી લાપતા

લાઠી, તા. ૨૦

લાઠીના જરખીયા ગામે શૌચાલય જવાના બહાને નીકળેલી યુવતી લાપતા થઈ હતી.

બનાવ અંગે ખીમજીભાઈ જેઠાભાઈ રાઠોડે (ઉ.વ. ૫૫) જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી પાયલબેન ખીમજીભાઈ રાઠોડ (ઉ.વ.૨૧) પોતાના ઘરેથી શૌચાલય જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફરી નહોતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# માતૃશક્તિ-દુર્ગાવાહિનીની બેઠકમાં સામાજિક અને રાષ્ટ્રીય કાર્યોમાં મહિલાઓના યોગદાન અંગે ચર્ચા

અમરેલી, તા. ૨૦

વિશ્વ હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના દુર્ગાવાહિનીના સહસંયોજિકા વૈશાલીબેન નિર્મળ રવિવારે અમરેલી પ્રવાસે હતા. તેમની ઉપસ્થિતિમાં માતૃશક્તિ અને દુર્ગાવાહિનીની બેઠક મળી હતી. વિશ્વ હિન્દુ પરિષદની મહિલા પાંખ માતૃશક્તિ અને દુર્ગાવાહિનીના મુખ્ય ઉદ્દેશ હિન્દુ ધર્મ, સંસ્કૃતિનું રક્ષણ, મહિલા સશક્તિકરણ અને હિન્દુ સમાજમાં એકતા તથા સુરક્ષાની ભાવના જગાડવાનો છે. આ તકે ભાવનગરથી રમીલાબેન પટોળીયા, ભાવનગર વિભાગ પ્રચાર પ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદી, સત્સંગ સંયોજિકા જયશ્રીબેન સાવલિયા, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર મંત્રી પંકજભાઈ કાનાણી, ઘનશ્યામભાઈ કાબરિયા, માતૃશક્તિના સંયોજિકા આરતીબેન ચોવટિયા, પૂર્વીબેન ગોહિલ, દુર્ગાવાહિની સંયોજીકા ગોપીબેન ચાવડા, હીરલબા વાળા, હીરવાબેન મકવાણા, ભગવતીબેન ગોહિલ હાજર રહ્યા હતા.



# સાવરકુંડલા ખાતે ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'માતૃવંદના' કાર્યક્રમની કરાઈ ઉજવણી

સાવરકુંડલા,તા.૨૦

અમરેલીની એમ. એલ. શેઠ સ્કૂલ, સાવરકુંડલા ખાતે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'માતૃવંદના' કાર્યક્રમ યોજાયો હતો.

વિદ્યાર્થીઓએ માતાના ચરણોમાં પુષ્પ અર્પણ કરી, તિલક કરીને ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પવિત્ર દ્રશ્ય જોઈ માતાઓની આંખોમાંથી આનંદાશ્રુ વહી નીકળ્યા હતા. માતાઓએ પોતાના હાથે બાળકોને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું ત્યારે સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું.


તસવીર : સૌરભ દોશી


## સ્કુલ બસ વેચવાની છે

અમરેલી જીલ્લા વિદ્યાસભા દ્વારા તેમની માલિકીની નીચે મુજબની સ્કુલ બસ વેચવાની છે. રસ ધરાવતા ગ્રાહકો/ પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં ભાવ માંગવવામાં આવે છે.

-:: બસની વિગતો ::-

- વાહનઃ- સ્કુલ બસ (સ્વરાજ મઝદા)
- રજીસ્ટ્રેશન નંબર :- GJ 14 T 596
- મોડેલઃ- ૨૦૦૭
- એન્જીનઃ- ડીઝલ એન્જીન
- સીટીંગ કેપેસીટીઃ- ૩૬ + ૧
- કંડીશનઃ- ચાલુ કંડીશન

રસ ધરાવનાર વ્યકિતઓએ બસ રૂબરૂ જોઈને પોતાનો ભાવ (ટેન્ડર) બંધ કવરમાં નીચે જણાવેલ સરનામે નિયત તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે. કવર ઉપર ''સ્કુલ બસ ભાવ'' લખવુ.

- બંધ કવરમાં ભાવ મોકલવાનું સરનામું :- એકાઉન્ટ વિભાગ, અમરેલી જિલ્લા વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી

- બસ જોવા માટે સંપર્ક :- ૯૪૨૬૯૫૫૯૭૮ / ૭૦૧૬૯૨૬૦૨૧
- ભાવ મોકલવાની અંતિમ તારીખ :૩૦/૦૭/૨૦૨૬ (ત્યારબાદ મળેલા કવર ધ્યાનમાં લેવાશે નહીં)
- બંધ કવરમાં મળેલ ભાવ અંગે તથા બસમાં વેચાણ અંગેનો આખરી નિર્ણય ટ્રસ્ટી મંડળનો રહેશે.

મંત્રીશ્રી,
અમરેલી જિલ્લા વિદ્યાસભા


## અવસાન નોંધ

રાજકોટ

સ્વ:- નૈનેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (ઉંમર વર્ષ: ૬૩) નું તા. ૨૦/૦૭/૨૦૨૬ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠામણું રાખેલ છે. તારીખ: ૨૧-૦૭, મંગળવાર સવારે ૧૦:૩૦ વાગ્યે સ્થળ: વૈશાલી નગર, શેરી નંબર-૫, સ્થા. જૈન ઉપાશ્રય, રૈયા રોડ, ઓલ્ડ આમ્રપાલી સિનેમા (સીટી સેન્ટર) સામે, રાખેલ છે.

# આંબા-લીલીયા રોડ પર ભારે વાહનો બંધ કરવા કરાઈ માંગ

લીલીયા,તા.૨૦

આંબા-લીલીયા નો સાંકડો રોડ અને ઓવરલોડેડ વાહનોની બેફામ અવરજવરથી અકસ્માતનો ભય વધ્યો છે. અંધારામાં દોડતી અને મોટા અવાજે મ્યુઝિક વગાડતી ટ્રકોથી ગ્રામજનો તેમજ ખેડૂતો મુશ્કેલી ભોગવી રહ્યા છે. રોડ પહોળો ન થાય ત્યાં સુધી ભારે વાહનો પર પ્રતિબંધનું જાહેરનામું બહાર પાડવા અને નિયમભંગ કરતા વાહનો સામે પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા કડક પગલાં લેવાની માંગ જીગ્નેશ સાવજે કલેક્ટરને કરી છે.



**જીજ્ઞેશ સાવજ દ્વારા કલેકટરને પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી**






# શ્રી નકળંગધામ આશ્રમ, પાડરશીંગા ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાશે

દામનગર, તા. ૨૦

લાઠી તાલુકાના દામનગર નજીક આવેલા પાડરશીંગા ગામમાં સ્થિત શ્રી નકળંગધામ આશ્રમમાં તારીખ ૨૯-૦૭-૨૦૨૬, બુધવારના રોજ ગુરુપૂર્ણિમાનો પવિત્ર તહેવાર ધામધૂમથી ઉજવાશે. આ પ્રસંગે સવારે ૭:૦૦ વાગ્યે ગુરુ પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

આશ્રમના મહંત શ્રી બાલકદાસ બાપુ (ગુરુશ્રી પ્રેમ સાહેબ) દ્વારા તમામ સેવક સમુદાય અને ભક્તજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પૂર્વે આશ્રમમાં અષાઢી બીજની પણ શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.








## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, મિનકેશભાઈ વિઠ્ઠલભાઈ કસવાળા, મારૂ જૂનું નામઃ મિનકેશભાઈ વિઠલભાઈ કસાવાળાથી બદલીને નવું નામ : મિનકેશભાઈ વિઠ્ઠલભાઈ કસવાળા કરવામાં આવ્યુ છે. તેથી હું મિનકેશભાઈ વિઠ્ઠલભાઈ કસવાળા તરીકે ઓળખાવ છું.
સહીઃ- મિનકેશભાઈ વિઠ્ઠલભાઈ કસવાળા
સરનામુંઃભંડારીયા મોટા, પો.ભંડારીયા મોટા, જિઃઅમરેલી, ગુજરાત-૩૬૫૬૧૦

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, જયોત્સનાબેન વિઠ્ઠલભાઈ કસવાળા, મારૂ જૂનું નામઃ જયોત્સાનાબેન વિઠલભાઈ કસાવાળાથી બદલીને નવું નામ : જયોત્સનાબેન વિઠ્ઠલભાઈ કસવાળા કરવામાં આવ્યુ છે. તેથી હું જયોત્સનાબેન વિઠ્ઠલભાઈ કસવાળા તરીકે ઓળખાવ છું.
સહીઃ- જયોત્સનાબેન વિઠ્ઠલભાઈ કસવાળા
સરનામુંઃ ભંડારીયા મોટા, પો.ભંડારીયા મોટા, જિઃઅમરેલી, ગુજરાત-૩૬૫૬૧૦

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, શિલ્પાબેન મિનકેશભાઈ કસવાળા, મારૂ જૂનું નામઃ શિલ્પાબેન મિનકેશભાઈ કસાવાળાથી બદલીને નવું નામ : શિલ્પાબેન મિનકેશભાઈ કસવાળા કરવામાં આવ્યુ છે. તેથી હું શિલ્પાબેન મિનકેશભાઈ કસવાળા તરીકે ઓળખાવ છું.
સહીઃ- શિલ્પાબેન મિનકેશભાઈ કસવાળા
સરનામુંઃભંડારીયા મોટા, પો.ભંડારીયા મોટા, જિઃઅમરેલી, ગુજરાત-૩૬૫૬૧૦

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, વિઠ્ઠલભાઈ દેવશીભાઈ કસવાળા, મારૂ જૂનું નામઃ વિઠલભાઈ દેવશીભાઈ કસાવાળાથી બદલીને નવું નામ : વિઠ્ઠલભાઈ દેવશીભાઈ કસવાળા કરવામાં આવ્યુ છે. તેથી હું વિઠ્ઠલભાઈ દેવશીભાઈ કસવાળા તરીકે ઓળખાવ છું.
સહીઃ- વિઠ્ઠલભાઈ દેવશીભાઈ કસવાળા
સરનામુંઃરામજી મંદિર પાછળની શેરી, ભંડારીયા મોટા, પો.ભંડારીયા મોટા, જિઃઅમરેલી, ગુજરાત-૩૬૫૬૧૦

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.239/2026
જન્મ તારીખ : 01/06/1972

મધુબેન લાલજીભાઈ શુદ્રા,
રહે.મીતીયાજ, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મીતીયાજ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મધુબેન લાલજીભાઈ શુદ્રા, રહે.મીતીયાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લાલજીભાઈ શુદ્રા તથા મધુબેન લાલજીભાઈ શુદ્રા ના પુત્રી ઉષાબેન લાલજીભાઈ શુદ્રાનો જન્મ તારીખ.01/06/1972ના રોજ કોડીનાર તાલુકાના મીતીયાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.162/2026
જન્મ તારીખ : 09/04/1995

શ્રી ઈસબાણી અકબરભાઈ મુસાભાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - છારા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ઈસબાણી અકબરભાઈ મુસાભાઈ, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મુસાભાઈ તથા સારૂબેન ના પુત્ર શેરબાનુ મુસાભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.09/04/1995 ના રોજ કોડીનાર તાલુકાના છારા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# સાવરકુંડલા શહેરના રસ્તાઓ ગ્રાન્ટ હોવા છતાં બિસ્માર, તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

સાવરકુંડલા,તા.૨૦

શહેરના વોર્ડ નંબર-૯ સહિત અનેક વિસ્તારોમાં રસ્તાઓની બિસ્માર હાલતને લઈને સ્થાનિક સામાજિક અને યુવા કાર્યકર ઉવેજ કાદરીએ નગરપાલિકાના વહીવટી તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે રસ્તાઓ પર પડેલા મોટા ખાડાઓ અને ગાબડાંના કારણે સ્થાનિક રહેવાસીઓ, શાળાએ જતા વિદ્યાર્થીઓ તેમજ વાહનચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.ઉવેજ કાદરીના જણાવ્યા મુજબ શહેરમાં રસ્તાઓના નવનિર્માણ અને રોડ રિસર્ફેસિંગ માટે જરૂરી ગ્રાન્ટ ઉપલબ્ધ હોવા છતાં વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે કામગીરી શરૂ કરવામાં આવી નથી. પરિણામે રસ્તાઓની સ્થિતિ સતત વધુ ખરાબ બનતી જઈ રહી છે અને અકસ્માતનો ભય પણ વધી રહ્યો છે.તેમણે વધુમાં જણાવ્યું કે વિકાસ કાર્યો માટે ફાળવાયેલી ગ્રાન્ટનો સમયસર ઉપયોગ ન થવાથી લોકોની સુરક્ષા જોખમાઈ રહી છે. જો તાત્કાલિક સમારકામ નહીં કરવામાં આવે તો કોઈ ગંભીર દુર્ઘટના સર્જાઈ શકે છે.આ મુદ્દે ઉવેજ કાદરીએ સાવરકુંડલા નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં વોર્ડ નંબર-૯ સહિત શહેરના મુખ્ય માર્ગોનું તાત્કાલિક સમારકામ અને રોડ રિસર્ફેસિંગ શરૂ કરવાની માંગ કરવામાં આવી છે, જેથી નાગરિકોને હાલાકીમાંથી રાહત મળી શકે.

# દામનગરમાં વીજ વિભાગ દ્વારા ચાલુ વરસાદે નવો વીજ પોલ ઉભો કરાયો

દામનગર,તા.૨૦



દામનગર શહેરના જૂની શાક માર્કેટ પાછળ અને જૈન વાડી નજીક આવેલ કોળીવાડ વિસ્તારમાં છેલ્લા ૩૫ વર્ષથી વધુ સમયથી વીજ વપરાશ માટે ઊભો કરવામાં આવેલો સિમેન્ટનો થાંભલો નીચેના ભાગથી અત્યંત જર્જરિત થઈ ગયો હતો. આ બાબતે જાગૃત નાગરિક અતુલ શુક્લાએ તંત્રને રજૂઆત કરી હતી અને અખબારોમાં પણ અહેવાલ પ્રસિધ્ધ થયા હતા. સમાચાર બાદ પી.જી.વી.સી.એલ.ના નાયબ ઈજનેર એમ. એમ. પટેલની દેખરેખ હેઠળ કર્મચારી એમ.બી. ડાંગર અને તેમની સાથી ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગત શનિવારે ચાલુ વરસાદે કોઈપણ જાતની અડચણ વગર જૂનો જર્જરિત થાંભલો દૂર કરીને નવો થાંભલો સફળતાપૂર્વક ઊભો કરી દેવામાં આવ્યો હતો. આ ભયમુક્ત કામગીરી બદલ સ્થાનિક રહીશોએ વીજ ટીમનો આભાર માન્યો હતો.

# સાવરકુંડલાના વેપારી સાથે ખોટું નામ ધારણ કરી રૂ. ૮૩ હજારની છેતરપિંડી

**અમદાવાદના કુબેરનગરમાં રહેતા સૈયદ મોહમ્મદ યુનુસ અહમદમીયા સામે ફરિયાદ**

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલાના વેપારી સાથે ખોટું નામ ધારણ કરી રૂ. ૮૩ હજારની છેતરપિંડી આચરવામાં આવી હતી.

રીશીભાઈ વિજયભાઈ મર્થક (ઉ.વ.૨૨)એ અમદાવાદના કુબેરનગરમાં રહેતા સૈયદ મોહમ્મદ યુનુસ અહમદમીયા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ પોતાનું ખોટું નામ મોહિત ધારણ કરી અલગ અલગ QR CODE મારફતે કુલ રૂા.૮૩,૦૦૦નું ઓનલાઈન ફ્રોડ કર્યું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે. બી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા માર્કેટયાર્ડમાં નવા કપાસની આવકનો થયો પ્રારંભ

અમરેલી,તા.૨૦



સાવરકુંડલા માર્કેટયાર્ડમાં કપાસની નવી સિઝનનો પ્રારંભ થયો હતો. ધારી તાલુકાના આંબરડી ગામના ખેડૂત કરશનભાઈ સવજીભાઈ ટાંકનો નવો કપાસ મહેતા ભરતકુમાર દલીચંદના કમિશનમાં વેચાણ માટે લાવવામાં આવ્યો હતો. નવા કપાસની આવકને પગલે ચેરમેન દીપકભાઈ માલાણીના હસ્તે વિધિવત પૂજન કરી શ્રીફળ વધેરી હરરાજીની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ખેડૂતો અને વેપારીઓનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. મુહૂર્તના કપાસની ખરીદી માટે વેપારીઓ વચ્ચે ઉત્સાહભેર બોલીઓ લાગી હતી. જેમાં સીતારામ ટ્રેડિંગે રૂ. ૨૬૦૧ની સૌથી ઊંચી બોલી લગાવી કપાસની ખરીદી કરી હતી. પ્રસંગે વાઈસ ચેરમેન, ડિરેક્ટરો, યાર્ડના સ્ટાફ અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુહૂર્તમાં સારો ભાવ મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# લાઠીના વરસડા ગામે ખેતીના બાકી નીકળતાં પૈસા મુદ્દે મુંઢ માર માર્યો

લાઠી, તા.૨૦

લાઠીના વરસડા ગામે ખેતીના બાકી નીકળતાં પૈસા મુદ્દે મુંઢ માર માર્યો હતો. સુરગભાઈ માણસીયાભાઈ વાળા (ઉ.વ.૬૦)એ મતીરાળા ગામના રસીકભાઈ વામજા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ, આરોપીએ તેમની પાસેથી ખેતીના પૈસા લેવાના બાકી હોવાનું કહી ફોન કરી બોલાવ્યા હતા. પૈસા બાબતે બોલાચાલી કરી ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. શરીરે મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી.ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીથી વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળની ગિરનાર મહાયાત્રા થઈ રવાના

અમરેલી,તા.૨૦



અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ ગિરનાર મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રાનો પ્રારંભ અમરેલીના પંચનાથ મહાદેવ મંદિરથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતા, બજરંગ દળ સંયોજક જીગીશુભાઈ મહેતા, યુવરાજસિંહ પળવાર, પ્રકાશભાઈ શુક્લ, મનુભાઈ અસલાલીયા, પંકજભાઈ કાનાણી, મહાવીરભાઈ વિંછીયા સહિત વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. માતૃશક્તિ અને દુર્ગાવાહિનીની બહેનોએ યાત્રાળુઓને ભગવાન શ્રીરામનો ખેસ પહેરાવી શુભેચ્છા પાઠવી હતી.

# ધારીના નાની ગરમલી ગામે ભાગીયાને હાથ ઉછીના આપેલા રૂપિયા મુદ્દે બબાલ

**સામસામે ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી**

ધારી, તા.૨૦

ધારીના નાની ગરમલી ગામે હાથ ઉછીના આપેલા રૂપિયા મુદ્દે બબાલ થઈ હતી. જેમાં સામસામે ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે ધારીના કરેણ ગામે રહેતા ભરતભાઈ મંગળુભાઈ વાળા (ઉ.વ.૪૦) એ નાની ગરમલી ગામે રહેતા રાજુભાઈ રામકુભાઈ વાળા, મહેન્દ્રભાઈ ઉર્ફે મુન્નાભાઈ રામકુભાઈ વાળા, ધર્મદીપભાઈ રાજુભાઈ વાળા, અશ્વીનભાઈ ભાભલુભાઈ વાળા, રામકુભાઈ કશુભાઈ વાળા, સંજયભાઈ અનકભાઈ વાળા અને રવીરાજભાઈ ઉર્ફે લાલો ભુપતભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમના મજૂર ભાગીયાને રાજુભાઈ રામકુભાઈ વાળાએ હાથ ઉછીના પૈસા આપ્યા હતા, જેના બદલામાં તેઓ તેની પાસે પોતાની વાડીનું કામ કરાવતા હતા. જે બાબતે ભરતભાઈએ ઠપકો આપ્યો હતો. તેનું મનદુઃખ રાખીને પૂર્વ કાવતરું રચી આરોપીઓએ તેમને તથા તેમના કાકાના દીકરા મહીપતભાઈ અને કાકા અનકભાઈને તલવાર, ધારીયું તથા લોખંડના પાઈપ વડે મરણતોલ આડેધડ ઘા મારીને ગંભીર ઈજા કરી હતી. તેમજ તેમના કાકાને જમણા હાથે જીવલેણ તલવારનો ઘા મારી હાથની નસ કાપી નાખી હતી અને શરીરે તથા માથાના ભાગે જીવલેણ ઘા મારી ગંભીર ઈજા કરી હતી. આ ઉપરાંત તેમને તથા સાહેદોને શરીરે આડેધડ મુંઢમાર મારી, ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સામા પક્ષે રાજેન્દ્રભાઈ રામકુભાઈ વાળા (ઉ.વ.૪૨)એ ભરતભાઈ મંગળુભાઈ વાળા, મહિપતભાઈ અનકભાઈ વાળા, અનકભાઈ અમરાભાઈ વાળા તથા ભુપતભાઈ ગભરૂભાઈ વાળા સામે સામ રૈજ ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના ભાગીયાએ આજથી આશરે છએક મહિના પહેલા ભરતભાઈ મંગળુભાઈ વાળા પાસેથી હાથ ઉછીના રૂપિયા લીધા હતા. જે બાબતે બોલાચાલી થઈ હતી અને તેનું મનદુઃખ રાખીને ગાળો આપી હતી. બાદમાં કરેણ ગામથી પોતાના ત્રણ મોટરસાયકલ પર સવાર થઈ, જીવલેણ હથિયારો ધારણ કરી પૂર્વ આયોજિત કાવતરું રચી, તેમના ગામમાં આવીને તેમની તથા સાહેદો ઉપર મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કર્યો હતો. તેમજ શરીરે આડેધડ ઘા મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ આઠમ
તા.૨૧-૦૭-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૩૫,
સૂર્યાસ્ત-૦૭:૧૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ચિત્રા

## દૈનિક રાશિફળ

**તા.૨૧-૦૭-૨૦૨૬ — મંગળવાર**

મેષઃ આજે વેપારના ક્ષેત્રમાં મનને અનુકૂળ ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે.

વૃષભઃ પત્નીને સમસ્યા સર્જાતા ભાગદોડ થઈ શકે છે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેની પહેલાં મિલકતના તમામ કાયદાકીય પાસાઓ ધ્યાનમાં લો.

મિથુનઃ આજે તમારી આર્થિક બાજુ મજબુત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે. અટકેલા કામો પૂરા થશે. પ્રિયજનોને મળશો.

કર્કઃ આજનો દિવસ પરોપકાર્યમાં વિતાવશો, જેમાં તમને માનસિક શાંતિ પણ મળશે. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક પરિવર્તન આવી શકે છે.

સિંહઃ આજે ઘર માટે ઉપયોગી વસ્તુ પર પૈસા ખર્ચ થશે. આજે કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો, પૈસા ફસાઈ શકે છે.

કન્યાઃ પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સારા નસીબનો સાથ બપોર સુધી મળશે, આનંદદાયી સારા સમાચાર પણ મળશે.

તુલાઃ આજે શિક્ષણ અને પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિનો યોગ છે. આવકના નવા સ્રોત સર્જાશે. તમારી વાતચીતની શૈલી તમને વિશેષ આદર આપશે.

વૃશ્ચિકઃ વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીકની અને દૂરની યાત્રા પણ થઈ શકે છે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે.

ધનઃ પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી, કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે. વ્યસ્તતા વધુ રહેશે, વ્યર્થ ખર્ચ ટાળો.

મકરઃ રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે.

કુંભઃ આજે તમને વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે અને ધનપ્રાપ્તિનો પણ યોગ છે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણયથી પાછળથી પસ્તાવો આવી શકે છે.

મીનઃ આજે વૃદ્ધોની સેવા કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે વિરોધીઓ માટે માથાનો દુઃખાવો બની રહેશે. દાંપત્ય જીવનમાં ખુશાલી રહેશે.

# લાઠીમાં ટાઈલ્સનો ઓર્ડર આપવાના બહાને વેપારી સાથે રૂ. એક લાખની છેતરપિંડી

**મોરબીના શખ્સ સામે ફરિયાદ નોંધાઈ**

લાઠી, તા. ૨૦

લાઠી શહેરમાં એક વેપારી સાથે ટાઈલ્સનો ઓર્ડર આપવાના બહાને એક લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. વેપારીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવ સંદર્ભે પીયુષભાઈ અરવિંદભાઈ ગાંગડીયા (ઉ.વ.૨૭)એ મોરબીના શૈલેષભાઈ ઉર્ફે બાબુભાઈ હુંબલ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, લાઠીમાં 'શ્રી શક્તિ ટ્રેડર્સ' નામે વ્યવસાય કરતા ફરિયાદી વેપારીનો સંપર્ક આરોપીએ કર્યો હતો. આરોપી છેલ્લા એક મહિનાથી વેપારી પાસે ટાઈલ્સ ખરીદવા માટે ઓર્ડર આપવાની વાત કરતો હતો. વેપારીને ૧,૦૦૦ બોક્સ ટાઈલ્સનો ઓર્ડર મળતા, તેમણે આરોપી મારફતે માલ મંગાવવા માટે ઓર્ડર કન્ફર્મ કર્યો હતો. આ ઓર્ડરના એડવાન્સ પેટે વેપારીએ લાઠી સ્થિત 'પી.શૈલેષ' આંગડિયા પેઢી મારફતે મોરબીમાં આરોપીના નામે એક લાખ રૂપિયા મોકલી આપ્યા હતા.પૈસા મળી ગયા પછી આરોપીએ વેપારીના ફોન કે મેસેજના જવાબ આપવાનું બંધ કરી દીધું હતું.

આજ દિન સુધી આરોપીએ વેપારીને નથી ટાઈલ્સનો માલ મોકલ્યો કે નથી એડવાન્સ પેટે લીધેલા પૈસા પરત કર્યા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ આંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ૧૦ જુગારી રૂ. ૨૪,૧૦૦ની મત્તા સાથે ઝડપાયા

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ૧૦ જુગારીઓને રૂ. ૨૪,૧૦૦ની રોકડ મત્તા સાથે ઝડપી પાડ્યા હતા. બાબરાના અમરાપરામાંથી જાદવભાઈ ગેલાભાઈ રાતડીયા, ડાયાભાઈ મનુભાઈ ટોટા, ભુપતભાઈ સુરાભાઈ ગળીયા તથા રઘુભાઈ છેલાભાઈ પરમાર જાહેરમાં પૈસા અને પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૦,૭૦૦ સાથે ઝડપાયા હતા.બીજા દરોડામાં, રાજુલા મફતપરા વડલી રોડ પર નવા રેલ્વે સ્ટેશન સામે જાહેરમાં ગોળ કુંડાળું વાળી હારજીતનો જુગાર રમતા બહાદુરશા કાદરશા પઠાણ, લતીફ ઉર્ફે અલતીફ હારૂનભાઈ કલાણીયા, ઈમરાન અકબરશા કનોજીયા, નાનુભાઈ ઈસ્માઈશા જાડેજા, શબ્બીરશા ચાંદશા બ્લોચ તથા સુલેમાન હારૂનભાઈ કલાણીયા રોકડ રકમ રૂ. ૧૩,૪૦૦ સાથે પકડાયા હતા.

# લાઠીના દહીંથરા ગામની પ્રા. શાળાના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસનું આયોજન

લાઠી, તા.૨૦



લાઠી તાલુકાની દહીંથરા ગામની પ્રાથમિક શાળામાં શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. આર. આર. મકવાણાના માર્ગદર્શનમાં ડો. હરિવદન પરમાર, ડો. મિતલ શેલીયા, ફાર્માસિસ્ટ તૃપ્તિ બોરીચા અને વિલાસ સાગઠીયા દ્વારા તમામ વિદ્યાર્થીઓનું વજન, ઊંચાઈનો બી. એમ. આઈ. કાઢીને પોષણની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. આ ઉપરાંત તમામની ડિજિટલ મશીનથી લોહીમાં હીમોગ્લોબિનની તપાસ, ઓટોસ્કોપી અને ઓપ્ટેલ્મોસ્કોપી જેવા આધુનિક સાધનોથી સ્થળ પર જ આંખ, કાન અને ગળાની તપાસ કરીને સ્થળ પર જ સારવાર આપી હતી. તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને વિવિધ આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવેલ.

# અમરેલી જિલ્લામાં ત્રણ સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં ત્રણ સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. લાઠીના ઈંગોરાળા ગામે આસોદર ગામ જવાના રસ્તેથી મધ્યપ્રદેશના ભાભરાના બડીપોલ કુંડીયા ફળીયાનો અને હાલ એકલારા ગામે વાડીએ રહેતો યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪ બોટલ સાથે ઝડપાયો હતો.સાવરકુંડલામાં જેસર રોડ પીકએપ બસ સ્ટેશન પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની મોટી ૩૪ બોટલ મળી આવી હતી.

દામનગરમાં નારાયણ નગર ગામે જલાલપુર રોડ ઉપર ભારત કોટન મીલ પાસે ઢોરા વિસ્તારમાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૨ બોટલ મળી આવી હતી. સાવરકુંડલાના મણીનગરમાંથી ૧૨ લીટર દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય ૪ સ્થળેથી ૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૩ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## તંત્રી લેખ

# મધ્ય પૂર્વમાં ઘેરાતા યુધ્ધના વાદળ

મધ્ય પૂર્વના ભૌગોલિક અને રાજકીય ક્ષેત્રે અશાંતિનો પવન સતત વધુ વેગ પકડી રહ્યો છે. વૈશ્વિક રાજકારણ અને સૈન્ય ગતિવિધિઓમાં અમેરિકા અને ઈરાન વચ્ચેનો વધતો તણાવ હવે એવા આક્રમક વળાંક પર આવી પહોંચ્યો છે, જ્યાં સહેજ પણ ભૂલ સમગ્ર ક્ષેત્રને એક વિધ્વંસક યુધ્ધની જ્વાળામાં ફેંકી શકે છે. વિશ્વભરના દેશો અને આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો હાલમાં થઈ રહેલી ઘટનાઓ પર ચિંતાતુર નજરે ધ્યાન રાખી રહ્યા છે. તાજેતરમાં સામે આવેલા વિગતો અને આક્ષેપ-પ્રતિ-આક્ષેપોના કારણે અખાત વિસ્તારમાં ભારે ચિંતા અને ભયનું વાતાવરણ નિર્માણ પામ્યું છે. અમેરિકી વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલા નિવેદનો અને ઈરાનની કડક પ્રતિક્રિયાઓ વચ્ચે રાજદ્વારી અને સૈન્ય મોરચે એક અસાધારણ સ્થિતિ સર્જાઈ છે, જેના પરિણામો વૈશ્વિક અર્થતંત્ર અને દરિયાઈ સુરક્ષા પર પણ ઊંડા પડી શકે તેમ છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આપેલા એક ખાસ ઈન્ટરવ્યુમાં દાવો કર્યો છે કે તાજેતરમાં હાથ ધરવામાં આવેલા સંયુક્ત સૈન્ય અભિયાનોએ ઈરાનની સૈન્ય તાકાતને મૂળમાંથી હચમચાવી દીધી છે. અમેરિકી વહીવટીતંત્રનું માનવું છે કે ઈરાનનું વરિષ્ઠ સૈન્ય નેતૃત્વ અને તેની વ્યૂહાત્મક સંરક્ષણ પ્રણાલીઓ અત્યારે ભારે નુકસાનનો સામનો કરી રહી છે. આ ઈન્ટરવ્યુ દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે આક્રમક કારવાઈઓના પરિણામે ઈરાની નૌકાદળ અને હવાઈ દળની સક્રિય કાર્યક્ષમતા નહિવત જેવી થઈ ગઈ છે. હવાઈ હુમલાઓનો સામનો કરતી એન્ટી-એરક્રાફ્ટ સિસ્ટમ્સને મોટા પાયે નિષ્ક્રિય કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, ઈરાનના નિર્ણાયક ક્ષેત્રોની જવાબદારી સંભાળતા અનુભવી અને સક્ષમ કમાન્ડરોને નિશાન બનાવીને ઈરાનની વ્યૂહાત્મક યોજનાઓને ભારે આઘાત પહોંચાડવામાં આવ્યો છે. અમેરિકી મતે, આ શ્રેણીબધ્ધ કાર્યવાહીથી ક્ષેત્રમાં ઈરાનની પ્રતિકાર કરવાની ક્ષમતા નબળી પડી છે. અમેરિકાના આ આક્રમક વલણ અને ટેક્સ વસૂલવાના દાવ સામે ઈરાને અત્યંત આકરો વિરોધ નોંધાવ્યો છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકી પ્રમુખના તમામ દાવાઓને તદ્દન પાયાવિહોણા અને સત્યથી વેગળા ગણાવીને ફગાવી દીધા છે. ઈરાની વિદેશ મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું છે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝની સુરક્ષા અને વ્યવસ્થા જાળવવાની પૂર્ણ જવાબદારી માત્ર અને માત્ર ઈરાનની જ રહેલી છે. અમેરિકા દ્વારા કરવામાં આવેલી સુરક્ષા આપવાની અને કર લાદવાની જાહેરાતને ઈરાને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન તેમજ એકતરફી ગેરકાયદેસર પગલું ગણાવ્યું છે. ઈરાની અધિકારીઓના મતે, ઐતિહાસિક, ભૌગોલિક અને કાયદાકીય દ્રષ્ટિએ આ ક્ષેત્રમાં નિયંત્રણ અને નિયમન કરવાનો કાનૂની અધિકાર ઈરાન પાસે જ છે. આ સમગ્ર પરિસ્થિતિ દર્શાવે છે કે અખાતી ક્ષેત્રમાં અશાંતિ હવે માત્ર બે દેશો પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ તેની અસર વૈશ્વિક સ્તરે અનુભવાઈ રહી છે. એક તરફ સૈન્ય ક્ષમતાઓ પરના પ્રહારો અને નેતૃત્વની અસ્થિરતાના દાવાઓ છે, તો બીજી તરફ આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર નિયંત્રણ મેળવવાની હોડ ચાલી રહી છે. જો આ તણાવને સમયસર શાંત કરવામાં નહીં આવે, તો વૈશ્વિક તેલ પુરવઠો, આંતરરાષ્ટ્રીય વેપાર અને સામાન્ય આર્થિક સ્થિરતા પર તેની ગંભીર નકારાત્મક અસરો પડી શકે છે. બંને પક્ષો વચ્ચે ચાલતી આ સૈન્ય અને રાજદ્વારી ખેંચતાણ વિશ્વને એક મોટા સંકટ તરફ ધકેલી રહી છે, જેના પર આંતરરાષ્ટ્રીય સમુદાય ખૂબ જ ચિંતાપૂર્વક નજર રાખી રહ્યો છે.

# ડી.એમ.કે.નો નવો ખેલ: ફેરસીમાંડ બિલે દેશના રાજકારણમાં સર્જી નવી ચર્ચા




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

તાજેતરના રાજકીય અહેવાલો અનુસાર કેન્દ્ર સરકાર આગામી સંસદીય સત્રમાં ડિલિમિટેશન (ફેરસીમાંડ) બિલ ફરી રજૂ કરી શકે છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા તેજ બની છે કે અત્યાર સુધી આ બિલનો વિરોધ કરતી ડી.એમ.કે. હવે તેના વલણમાં નરમાઈ દાખવી શકે છે. સાથે જ કોંગ્રેસ સાથેના સંબંધોમાં પણ નવી ગતિવિધિઓ જોવા મળી રહી છે. સંસદમાં બે-તૃતિયાંશ બહુમતીની જરૂરિયાતને ધ્યાનમાં રાખતાં દરેક સાથી પક્ષનું મહત્વ વધી ગયું છે. આવી સ્થિતિમાં ડી.એમ.કે.નું દરેક રાજકીય પગલું માત્ર તમિલનાડુ પૂરતું મર્યાદિત નથી રહેતું, પરંતુ તેની અસર સમગ્ર દેશના રાજકારણ પર પણ પડે છે. ગઠબંધનની રાજનીતિમાં વિશ્વાસ, સમજૂતી અને રાજકીય હિતો વચ્ચેનું સંતુલન જાળવવું સહેલું નથી. તેથી ડી.એમ.કે. અને કોંગ્રેસ વચ્ચેના સંબંધોને લઈને શરૂ થયેલી ચર્ચાએ નવી રાજકીય ઉત્સુકતા જગાવી છે.

ડી.એમ.કે. અને કોંગ્રેસ વચ્ચેનો સંબંધ આજનો નથી. છેલ્લા ઘણા વર્ષોથી બંને પક્ષો તમિલનાડુમાં સાથે મળીને ચૂંટણી લડતા આવ્યા છે. બંને પક્ષોએ કેન્દ્રમાં પણ અનેક વખત એકબીજાને ટેકો આપ્યો છે. દ્રવિડ રાજકારણનું પ્રતિનિધિત્વ કરતી ડી.એમ.કે. અને રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસ વચ્ચે વિચારધારામાં કેટલાક તફાવતો હોવા છતાં ભાજપ સામે સંયુક્ત વ્યૂહરચના ઘડવાની જરૂરિયાતને કારણે બંને વચ્ચે ગાઢ સહયોગ રહ્યો છે. લોકસભાની ચૂંટણીમાં પણ આ ગઠબંધનને નોંધપાત્ર સફળતા મળી હતી. ડી.એમ.કે. માટે કોંગ્રેસ માત્ર ચૂંટણી સાથી નથી, પરંતુ રાષ્ટ્રીય રાજકારણમાં પોતાની હાજરી મજબૂત રાખવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ પણ છે. બીજી તરફ કોંગ્રેસ માટે દક્ષિણ ભારતમાં ડી.એમ.કે. જેવો મજબૂત પ્રાદેશિક સાથી ખૂબ જ મહત્વનો રહ્યો છે. આ કારણસર બંને પક્ષો વચ્ચેનો સંબંધ ભારતીય ગઠબંધનની રાજનીતિનું એક મહત્વપૂર્ણ ઉદાહરણ માનવામાં આવે છે. પરંતુ રાજકારણમાં કાયમી મિત્ર કે કાયમી વિરોધી હોતા નથી, કાયમી હોય છે તો માત્ર રાજકીય હિતો. ફેરસીમાંડ બિલને લઈને ઉભી થયેલી ચર્ચાએ ફરી એકવાર આ હકીકતને ઉજાગર કરી છે. અત્યાર સુધી આ બિલનો વિરોધ કરતી ડી.એમ.કે. જો હવે તેના સમર્થન તરફ આગળ વધે છે તો કોંગ્રેસ માટે તે રાજકીય રીતે અસ્વસ્થતા સર્જી શકે છે. જોકે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી, છતાં રાજકીય સૂત્રોના સંકેતોએ અનેક અટકળોને જન્મ આપ્યો છે. કોંગ્રેસ માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ગઠબંધનનો સાથી પક્ષ સંયુક્ત વ્યૂહરચનાને કેટલું પ્રાધાન્ય આપે છે અને પોતાના પ્રાદેશિક હિતોને કેટલું મહત્વ આપે છે.

તાજેતરની ચર્ચાઓમાં એવો પણ મુદ્દો સામે આવ્યો છે કે ડી.એમ.કે. કોંગ્રેસ સાથેનો રાજકીય છેડો ફાડી રહી છે કે પછી માત્ર એક મુદ્દે અલગ અભિગમ અપનાવી રહી છે. આ બંને બાબતોમાં મોટો તફાવત છે. કોઈ એક બિલ અંગે અલગ મત વ્યક્ત કરવો અને ગઠબંધન તોડી નાખવું બંને સમાન બાબતો નથી. ભારતીય રાજકારણમાં ઘણી વખત સાથી પક્ષો કેટલાક મુદ્દાઓ પર અલગ મત ધરાવતા હોવા છતાં ગઠબંધન ચાલુ રાખતા જોવા મળ્યા છે. તેથી ડી.એમ.કે.ના આ વલણને અંતિમ નિર્ણય તરીકે જોવાને બદલે તેને રાજકીય સંકેત તરીકે જોવો વધુ યોગ્ય રહેશે.

ફેરસીમાંડ બિલ દેશના લોકતાંત્રિક માળખા સાથે સીધો સંબંધ ધરાવે છે. વસ્તીના આધારે લોકસભાની બેઠકોનું પુનવહેંચણું કરવાનો તેનો મુખ્ય હેતુ છે. પરંતુ દક્ષિણ ભારતના અનેક રાજ્યો લાંબા સમયથી એવી ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે વસ્તી નિયંત્રણમાં સફળ રહેલા રાજ્યોને આ પ્રક્રિયામાં નુકસાન થઈ શકે છે.

જો બેઠકોની સંખ્યા માત્ર વસ્તીના આધારે વધશે તો ઉત્તર ભારતના રાજ્યોને વધુ પ્રતિનિધિત્વ મળશે અને દક્ષિણના રાજ્યોનો પ્રભાવ ઘટી શકે છે. આ જ કારણસર ડી.એમ.કે. સહિત અનેક દક્ષિણ ભારતીય પક્ષો અત્યાર સુધી આ મુદ્દે સાવચેત વલણ અપનાવતા આવ્યા છે.

સંસદમાં આ બિલ પસાર કરવા માટે બે-તૃતિયાંશ બહુમતી જરૂરી હોવાથી દરેક સાંસદનું મહત્વ વધી જાય છે. એન.ડી.એ. પાસે હાલમાં જરૂરી સંખ્યાની નજીક પહોંચતું સમર્થન હોવાનું માનવામાં આવે છે. જો કેટલાક પ્રાદેશિક પક્ષો પણ સરકારને ટેકો આપે તો બિલ પસાર થવાની શક્યતા વધી શકે છે. આવી સ્થિતિમાં ડી.એમ.કે.ના સંભવિત વલણને સમગ્ર દશના રાજકારણમાં વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે આગામી દિવસોમાં ગઠબંધનની રાજનીતિ વધુ જટિલ બની શકે છે. પ્રાદેશિક પક્ષો હવે માત્ર વિરોધ કે સમર્થનની રાજનીતિ કરતાં પોતાના રાજ્યના હિતોને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે. તેથી કોઈપણ નિર્ણય લેતા પહેલાં તેઓ પોતાના મતદારોની લાગણીઓ અને પ્રદેશના હિતોને ધ્યાનમાં રાખે છે. આ પ્રવૃત્તિ ભારતીય લોકશાહીમાં પ્રાદેશિક રાજકારણની વધતી શક્તિનો પણ પરિચય કરાવે છે.

અંતે એટલું ચોક્કસ કહી શકાય કે ડી.એમ.કે.નો આ નવો ખેલ માત્ર એક બિલ સુધી મર્યાદિત નથી. તે ગઠબંધનની રાજનીતિ, પ્રાદેશિક હિતો અને રાષ્ટ્રીય સમીકરણો વચ્ચે ચાલી રહેલા નવા સંતુલનની નિશાની છે. હવે સૌની નજર સંસદના આગામી સત્ર પર રહેશે. સરકાર બિલની અંતિમ જોગવાઈઓ શું રજૂ કરે છે, ડી.એમ.કે. સત્તાવાર રીતે શું નિર્ણય લે છે અને કોંગ્રેસ તેની સામે કેવી વ્યૂહરચના અપનાવે છે તેના આધારે દેશના રાજકારણની નવી દિશા નક્કી થશે. લોકશાહીમાં મતભેદ સ્વાભાવિક છે, પરંતુ અંતિમ નિર્ણય એવો હોવો જોઈએ જે દેશના તમામ રાજ્યો વચ્ચે સમાનતા, ન્યાય અને વિશ્વાસનું સંતુલન જાળવી રાખે.

**ગઠબંધનની રાજનીતિ વચ્ચે ડી.એમ.કે.ના બદલાતા સંકેતો, કોંગ્રેસ સાથેના સંબંધો પર ફરી ઊઠ્યા સવાલો**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૮૬૦ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૧ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૨૪૦ |
| જુવાર લાલ | ૧૦૭૦ | ૧૨૨૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૦૦ | ૫૫૦ |
| મકાઇ | ૩૭૦ | ૪૬૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૬૩૦ |
| ચણા પીળા | ૧૦૭૫ | ૧૨૧૮ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૨૧૦૫ |
| મગ | ૧૩૦૦ | ૧૭૯૯ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૦૬૪ |
| ચોળી | ૯૮૦ | ૧૬૯૮ |
| વટાણા | ૫૦૦ | ૮૧૦ |
| કળથી | ૩૫૧ | ૫૭૫ |
| રાજમા | ૧૭૦૦ | ૨૦૩૩ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૨૫૦ |
| મગફળી જાડી | ૧૨૧૨ | ૧૬૧૬ |
| મગફળી જીણી | ૧૧૮૦ | ૧૫૩૫ |
| અળશી | ૧૯૩૧ | ૧૯૩૧ |
| તલી | ૨૨૫૦ | ૨૫૧૫ |
| એરંડા | ૧૩૩૦ | ૧૪૧૩ |
| અજમો | ૧૩૩૦ | ૨૭૦૦ |
| સુવા | ૧૩૭૫ | ૧૩૭૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૫૪૦ |
| સીંગફાડા | ૧૪૬૦ | ૧૮૧૫ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૭૭૦ |
| લસણ | ૧૧૦૧ | ૨૭૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૩૦૭૦ |
| ધાણી | ૨૧૦૦ | ૩૦૭૮ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૮૯૬ |
| જીરૂ | ૩૩૫૦ | ૪૦૨૧ |
| રાય | ૧૩૮૦ | ૧૮૦૦ |
| મેથી | ૮૯૦ | ૧૬૦૦ |
| ઇસબગુલ | ૧૧૫૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૧૦૯૧ | ૧૦૯૧ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૬૨૫ |
| રાયડો | ૧૧૬૦ | ૧૪૮૮ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૩૫૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૩૧૩ | ૬૨૧ |
| પપૈયા | ૧૬૪ | ૩૧૮ |
| બટેટા | ૮૪ | ૨૯૨ |
| ડુંગળી સુકી | ૧૩૧ | ૪૫૦ |
| ટમેટા | ૩૯૫ | ૬૭૭ |
| સુરણ | ૯૩૩ | ૧૧૨૪ |
| કોથમરી | ૨૪૪૮ | ૩૫૨૮ |
| રીંગણા | ૯૦ | ૨૫૧ |
| કોબીજ | ૧૮૪ | ૪૨૫ |
| ફ્લાવર | ૩૩૧ | ૫૫૬ |
| ભીંડો | ૫૨૪ | ૭૮૨ |
| ગુવાર | ૫૬૬ | ૧૨૬૯ |
| ચોળાસીંગ | ૩૯૫ | ૭૬૧ |
| ટીંડોળા | ૪૩૮ | ૯૫૪ |
| દુધી | ૨૨૧ | ૩૧૧ |
| કારેલા | ૩૪૪ | ૬૩૧ |
| સરગવો | ૬૨૩ | ૧૨૩૩ |
| તુરીયા | ૭૨૮ | ૧૨૩૭ |
| પરવર | ૬૩૭ | ૮૪૨ |
| કાકડી | ૩૪૯ | ૭૪૧ |
| ગાજર | ૪૮૮ | ૭૧૭ |
| વટાણા | ૧૬૨૧ | ૨૬૧૧ |
| ગલકા | ૨૧૦ | ૩૪૪ |
| બીટ | ૩૨૧ | ૫૦૬ |
| મેથી | ૧૦૭૯ | ૧૫૨૬ |
| ડુંગળી લીલી | ૧૧૧૪ | ૧૪૩૯ |
| આદુ | ૧૫૯૦ | ૨૯૬૮ |
| મરચા લીલા | ૬૬૪ | ૮૧૩ |
| મકાઇ લીલી | ૧૫૮ | ૨૯૪ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૧ | ૧૯૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૯૪ | ૬૨૮ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૮૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૧૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૨૨૧ | ૧૪૧૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૭૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૫૪૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૦૯૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૪૯૧ |
| ડુંગળી લાલ | ૧૩૬ | ૫૨૧ |
| અડદ | ૫૦૦ | ૨૦૮૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૩૧ |
| રાયડો | ૧૩૭૧ | ૧૪૪૧ |
| મેથી | ૫૦૧ | ૧૭૩૧ |
| સુવાદાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| કાંગ | ૫૧૧ | ૬૮૧ |
| સુરજમુખી | ૫૦૦ | ૫૦૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૯૧ |
| સફેદ ચણા | ૧૧૧૧ | ૧૮૮૧ |
| તલ - તલી | ૧૯૨૬ | ૨૮૨૧ |
| ધાણી | ૨૬૦૧ | ૩૧૧૧ |
| જુવાર | ૫૦૦ | ૧૩૦૦ |
| મકાઇ | ૫૧૧ | ૫૧૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૦૭૧ | ૧૨૨૬ |
| વાલ | ૩૪૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૧૩૮૧ |
| સોયાબીન | ૧૩૦૧ | ૧૫૧૬ |
| અરીઠા | ૨૦૦ | ૨૦૦ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૫૧ |
| વટાણા | ૩૫૧ | ૭૪૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૬૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૮૦ | ૩૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૪૦ | ૮૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૮૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૪૦ |
| ફ્રુદ્દિફ્રુ | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૨૦ | ૨૫ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૭૦૦ |
| વાલોર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૩૪૦૦ |
| ફ્ણશી | ૧૫૦૦ | ૨૧૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૫ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૦૧૦ | ૧૪૬૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૭૪૦ |
| તલ કાળા | ૨૧૫૦ | ૩૭૫૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૫ |
| મકાઈ | ૫૩૦ | ૫૩૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૭૫૦ |
| ચણા | ૯૨૦ | ૧૨૨૫ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૨૧૫ |
| તુવેર | ૯૩૦ | ૧૪૬૫ |
| કપાસ | ૯૨૦ | ૧૮૮૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૫૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૩૫૦૦ |
| રાય | ૧૩૯૦ | ૧૬૨૫ |
| ધાણી | ૨૦૦૦ | ૩૦૦૫ |
| અજમા | ૧૭૦૦ | ૨૫૩૦ |
| મેથી | ૮૦૦ | ૧૩૨૫ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૫૮૫ |
| કલોજી | ૧૦૦૦ | ૨૦૫૦ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૮૧૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૨૦ |
| શકકરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૭૫૦ |
| સુરણ | ૮૩૦ | ૯૪૦ |
| ગાજર | ૫૨૦ | ૬૨૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૫૦ | ૨૫૦ |
| કાકડી | ૪૧૦ | ૬૨૦ |
| ગુવાર | ૧૨૨૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૨૨૦૦ | ૨૬૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૬૨૦ | ૬૯૦ |
| ટીંડોરા | ૭૫૦ | ૮૧૦ |
| બીટ | ૩૯૦ | ૪૯૦ |
| સરગવો | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૨૦ |
| ડુંગળી લીલી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| લીબુ | ૬૨૦ | ૭૫૦ |
| મકાઈ | ૨૨૦ | ૪૦૦ |
| ચિભડા | ૬૦૦ | ૧૦૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૫૦ | ૧૫૪૭ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૭૧ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૬૫૧ |
| કપાસ | --- | ૨૬૦૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૪૫ | ૫૦૦ |
| જુવાર | ૫૫૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૭૮ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ધાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૧૪૦૦ | ૧૫૯૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ઘઉં લોકવન | ૩૯૫ | ૪૦૩ |
| તુવેર | ૧૪૦૧ | ૧૪૩૫ |
| તલ | ૨૩૪૦ | ૨૩૪૦ |
| સોયાબીન | ૧૩૬૧ | ૧૪૦૦ |
| શીંગદાણા | ૧૫૪૦ | ૧૯૩૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૪૦ | ૧૭૦૦ |
| મગફળી | ૧૧૧૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૦૫ |
| ચણા | ૧૧૪૦ | ૧૧૭૦ |
| ઘઉં | ૪૮૧ | ૫૨૫ |
| તલ કાળા | ૨૮૧૦ | ૩૦૧૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૫૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૦૩ |
| ચણા | ૯૦૧ | ૧૧૯૧ |
| તુવેર | ૭૦૦ | ૧૪૫૬ |
| મગફળી | ૫૦૦ | ૧૨૨૧ |
| જીરૂ | ૩૬૯૬ | ૩૬૯૬ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૫૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૪૧ |
| મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| રાજગરો | ૧૧૨૧ | ૧૧૨૧ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૨૦૯૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૩૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૭૬ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૬૯૬ |
| મેથી | ૧૨૭૧ | ૧૨૭૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૯૯૯ | ૧૩૪૨ |
| શીંગ જી-૨૦ | ૧૧૦૦ | ૧૫૦૧ |
| એરંડા | ૬૫૦ | ૧૩૪૩ |
| જુવાર | ૪૦૦ | ૧૨૩૦ |
| બાજરી | ૩૦૦ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૪ |
| મગ | ૧૨૦૧ | ૧૬૭૯ |
| ધાણા | ૨૪૦૦ | ૨૫૩૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૬૬ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૩૮ |
| તલ કાળા | ૨૪૦૧ | ૩૬૩૬ |
| તુવેર | ૪૦૦ | ૧૪૯૩ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૬૮૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૫૬૩ |
| ડુંગળી સફેદ | ૨૧૯ | ૪૫૧ |
| કપાસ શંકર | ૬૦૦ | ૧૫૮૧ |
| નાળીયેર | ૪૫૧ | ૨૫૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૨૯૨ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૩૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૫ |
| જુવાર | ૧૦૫૦ | ૧૧૬૮ |
| અડદ | ૨૦૦૦ | ૨૧૩૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૫૩ |
| સોયાબીન | ૧૩૨૫ | ૧૪૫૦ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૨૦૦ |
| કાળા તલ | ૨૬૫૦ | ૩૮૫૨ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૬૦૪ |


**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૨૦૦ | ૧૨૩૫ |
| બાજરી | ૩૪૦ | ૪૬૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૩૫ |
| મગ | ૭૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૮૩૫ | ૧૪૪૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૨૧૭ |
| ચણા સફેદ | ૮૮૫ | ૧૫૯૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૫૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૩૭૨ |
| તલી | ૧૯૦૦ | ૨૫૨૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૬૫૦ |
| રાયડો | ૧૩૦૫ | ૧૪૭૪ |
| લસણ | ૮૦૦ | ૨૬૦૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૮૩૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૯૫ |
| અજમો | ૨૨૯૦ | ૩૩૦૦ |
| અજમાની ભૂસી | ૪૦ | ૨૪૦૫ |
| ધાણા ધાણી | ૨૫૦૦ | ૨૯૦૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૪૦ |
| શીંગ દાણા | ૧૩૫૦ | ૨૦૬૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૪૦ | ૧૬૧૩ |
| ઘઉ લોકવન | ૪૫૫ | ૫૧૨ |
| ચણા | ૧૦૪૫ | ૧૧૭૬ |
| ધાણા | ૨૭૦૦ | ૩૦૦૦ |
| શીંગદાણા | ૧૮૪૫ | ૧૮૮૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૦ |
| મગફળી | ૯૦૦ | ૧૦૪૫ |
| સોયાબીન | ૧૪૫૦ | ૧૪૭૦ |
| તલ કાળા | ૨૩૪૫ | ૩૨૫૦ |
| મગ | ૧૫૧૫ | ૧૫૧૫ |

## શબ્દ સંજોગ-૨૨૩૫



**આડી ચાવી :**
(૧) જેઠીમધ, સાકર (૩)
(૪) તૃણ, પર્ણ વગેરેની પથારી (૩)
(૮) શરૂઆત (૪)
(૯) શ્રી કૃષ્ણ (૪)
(૧૧) મદ, અભિમાન (૨)
(૧૨) ગાંધીજી આ નામે પણ ઓળખાતા (૨)
(૧૩) દઢ, ડગે નહિ એવુ (૩)
(૧૬) ઘટ્ટ પ્રવાહી પદાર્થ (૨)
(૧૮) નાણુ, ઈચ્છા (૨)
(૧૯) ડીનો મોરિયા, બિપાશાની ફિલ્મ (૨)
(૨૧) ફળની મીજ (૩)
(૨૩) એક વૃક્ષ (૨)
(૨૪) માર્ગ, રાહ (૨)
(૨૫) પવિત્ર, પ્રમાણિક (૨)
(૨૬) વિષ્ણુનો એક અવતાર (૨)
(૨૭) સમતાની બુધ્ધિ-ભાવ (૪)
(૨૯) એક પ્રાણી (૩)
(૩૦) પંજાનો નખ (૩)

**ઉભી ચાવી :**
(૧) એક પક્ષી (૩)
(૨) કામ કે જવાબદારીનો બોજો કે આગેવાની (૨)
(૩) ઉત્તર ગુજરાતનું એક શહેર (૫)
(૫) સ્તુતિ (૩)
(૬) ક્રિકેટ જીતવા જોઈએ (૨)
(૭) સ્ત્રીઓનું એક ઘરેણુ (૨)
(૧૦) એક ઋષિ (૩)
(૧૧) .....ઘેર માટીના ચૂલા (૨)
(૧૩) માયનો, સમજૂતી (૨)
(૧૪) માએ..... કોરાવ્યો ગગન ગોખમાં રે લોલ.......... (૩)
(૧૫) ઉતાવળ, ઝડપ (૨)
(૧૭) એક વાર (૨)
(૧૮) બકરો (૨)
(૨૦) વરસાદની ફરફર (૪)
(૨૨) એક વનસ્પતિ જેના મૂળનુ અથાણુ થાય (૪)
(૨૩) સંખ્યાની નિશાની (૨)
(૨૫) પવિત્ર, શુધ્ધ (૩)
(૨૬) ભેદ, રહસ્ય (૨)
(૨૮) એક સંખ્યા (૨)

## શબ્દ સંજોગ-૨૨૩૪ જવાબ

**આડી ચાવી:** (૧) કરાડી (૪) લાગણી (૬) રાહ (૭) વ્યંજન (૯) લતફગ (૧૧) રમમાણ (૧૪) વેતસ (૧૬) તનય (૧૮) ક્ષતિ (૧૯) રજક (૨૧) વાસ (૨૨) સ્ત્રી (૨૩) લટ (૨૪) લોકર (૨૬) ક્ષપા (૨૭) સલાહ (૨૮) વિધુ (૨૯) ત્રસ્ત. **ઉભી ચાવી:** (૧) કરાલ (૨) રાહત (૩) ભેજ (૫) ગરિમા (૭) વ્યંગ (૮) નર (૧૦) ફણસ (૧૨) મહિયર (૧૩) સંતતિ (૧૫) તમસ (૧૭) શકટ (૧૮) ક્ષણિક (૨૦) જલપાત્ર (૨૧) વાયસ (૨૪) લોહ (૨૫) રવિ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**દિલીપભાઈ સંઘાણીનું વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષણ, શિસ્ત, સંસ્કાર અને ટેકનોલોજીના સમન્વય થકી સર્વાંગી વિકાસ સાધવા પ્રેરણાદાયી માર્ગદર્શન**

# અમરેલીની ડૉ. કલામ ઈનોવેટીવ સ્કૂલમાં દિલીપ સંઘાણીનાં હસ્તે નવી સ્કૂલ બસનું લોકાર્પણ

અમરેલી,તા.૨૦

ડૉ. કલામ ઈનોવેટીવ સ્કૂલ, અમરેલી ખાતે નવા શૈક્ષણિક વર્ષ નિમિત્તે શાળા પ્રવેશોત્સવ અને વાલી સંમેલનનો દબદબાભેર પ્રારંભ થયો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીએ વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષણ, શિસ્ત, સંસ્કાર અને ટેકનોલોજીના સમન્વય થકી સર્વાંગી વિકાસ સાધવા પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને જવાબદારીના ગુણોનું સિંચન કરવા વિશેષ વિદ્યાર્થી મંત્રીમંડળની રચના કરી શપથવિધિ યોજવામાં આવી હતી. સાથે જ શૈક્ષણિક, સહ-શૈક્ષણિક અને સર્વાંગી ક્ષેત્રે



ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને 'સંકલ્પથી સિધ્ધિ સન્માન' થી પુરસ્કૃત કરી પ્રોત્સાહિત કરાયા હતા.

શિક્ષણને વધુ આધુનિક, રસપ્રદ અને અનુભવાત્મક



બનાવવા માટે શાળામાં 7D ઈમર્સિવ ટેકનોલોજીનું લોકાર્પણ અને ડેમો યોજાયો હતો, જેના દ્વારા વિદ્યાર્થીઓ હવે કઠિન વિષયોને જીવંત રીતે સમજી શકશે. આ ઉપરાંત, ઈફકો ટોકિયો જનરલ ઈન્શ્યોરન્સના CSR ફંડ અંતર્ગત પ્રાપ્ત થયેલી નવી સ્કૂલ બસનું ભવ્ય લોકાર્પણ કરાયું હતું, જે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને સુવિધાસભર પરિવહન સુનિશ્ચિત કરશે.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસૂરિયા, ટ્રસ્ટના પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા તથા ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન જીગરભાઈ નાગલા દ્વારા કરાયું હતું, જ્યારે સંચાલક જયભાઈ કાથરોટીયા અને આચાર્યશ્રી રીનાબેન ધાધલના નેતૃત્વ હેઠળ સમગ્ર સ્ટાફ અને વાલીઓના સઘન સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# સાવરકુંડલા-લીલીયા બનશે 'ફાટક મુક્ત': રૂ.૩૨.૫૪ કરોડના ખર્ચે ૩ રેલવે અન્ડરબ્રિજને મંજૂરી

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારને 'ફાટક મુક્ત' કરવાના અભિયાનને મોટી સફળતા મળી છે. કેન્દ્ર સરકારે રૂ. ૩૨.૫૪ કરોડના ખર્ચે ત્રણ મહત્વપૂર્ણ રેલવે અન્ડરબ્રિજના નિર્માણને મંજૂરી આપીને ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સતત પ્રયાસો બાદ આ વર્ષો જૂની સમસ્યાનો અંત આવ્યો છે. આ યોજના હેઠળ ત્રણ સ્થળો પર આધુનિક અન્ડરબ્રિજનું નિર્માણ થશે: લીલીયા: LC-41C (સરકારી હોસ્પિટલ નજીક) નાના લીલીયા: LC-42B-1 (અમરેલી-ક્રાંકચ રોડ) સાવરકુંડલા: LC-61C (સ્મશાન નજીક) અન્ડરબ્રિજ બનવાથી દૈનિક



હજારો વિદ્યાર્થીઓ, ખેડૂતો અને વેપારીઓને રેલવે ફાટક પરના ટ્રાફિક અને લાંબી રાહમાંથી મુક્તિ મળશે.


સાથોસાથ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવી ઈમરજન્સી સેવાઓ અવરોધ વિના ઝડપથી પસાર થઈ શકશે.આ નિર્ણય બદલ ધારાસભ્યશ્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સાંસદ ભરતભાઈ સુતરીયાનો આભાર વ્યક્ત કર્યો છે. સ્થાનિક નાગરિકોએ પણ આ વિકાસકાર્યને આવકાર્યું છે.

# ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં રાજયમાં ચોમાસું ફરી જામ્યું

**નવસારી-વલસાડમાં ઓરેન્જ અલર્ટ, માછીમારોને ચાર દિવસ દરિયો ન ખેડવા સૂચના**

અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં એકસાથે ત્રણ શક્તિશાળી વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ચોમાસાએ ફરી જોર પકડ્યું છે. સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૯૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં



વલસાડમાં સૌથી વધુ ૩.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરી છે. નવસારી અને વલસાડ માટે ઓરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. દરિયામાં ભારે પવનની શક્યતાને કારણે માછીમારોને ચાર દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધી ચોમાસામાં ૩૩ ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. નવા વરસાદી રાઉન્ડથી ખેડૂતોમાં આશા જાગી છે. દમણમાં ખરાબ હવામાનને કારણે દિલ્હી-દમણ ફ્લાઈટને અમદાવાદ ડાયવર્ટ કરાઈ હતી.

# બગસરાના હાલરીયા નજીક આવેલા બ્રિજ પર ભારે વાહનોની અવરજવર બંધ

અમરેલી,તા.૨૦

બગસરા તાલુકાના હાલરિયા ગામ નજીક બગસરા-ચલાલા-સાવરકુંડલા રોડ પર આવેલા કિ.મી. ૧૪ પરના ૧૧ બાય ૫૯ મીટરના મેજર બ્રિજની જર્જરીત સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. લોકોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે આ બ્રિજ પરથી પસાર થતા ભારે વાહનોની અવરજવર સંપૂર્ણપણે બંધ કરવામાં આવી છે. નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ જાહેરનામું બહાર પાડ્યું છે. તા. ૧૫ જુલાઈ, ૨૦૨૬થી ભારે વાહન ચાલકોએ હામાપુર, ભાયાવદર, ડાંગાવદર, ધારી, ઝર, મોરઝર અને ચલાલા માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

# ખાંભાના નાની ધારીની ખૂનની ઘટના બાદ LCB ટીમે ચાર આરોપીઓને ઝડપી પાડયા

અમરેલી,તા.૨૦

ખાંભા પોસ્ટે વિસ્તારમાં આવેલ નાની ધારી ગામે થયેલ હત્યાનાં બનાવ અંગે અમરેલી એલસીબી ટીમને મોટી સફળતા મળી છે. બનાવની વિગત મુજબ જયરાજભાઈ તથા શક્તિરાજભાઈ મોટરસાયકલ પર જતા હતા તે સમય દરમિયાન સ્વિફ્ટ કારમાં આવેલા મયુરભાઈ તથા અન્ય અજાણ્યા ત્રણ ઈસમોએ જૂની અદાવત રાખી ગાડી અથાડી



દીધી હતી. ત્યારબાદ કારમાંથી નીચે ઉતરી તલવાર, કુહાડી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી જયરાજભાઈનું મોત નિપજાવ્યું હતું. આ ગંભીર ગુનાની જાણ થતા અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી.વાઘેલા અને તેમની ટીમે બાતમી તેમજ ટેકનિકલ સોર્સના આધારે ગણતરીના દિવસોમાં ચાર મુખ્ય આરોપીઓને દબોચી લીધા છે. પકડાયેલ આરોપીઓમાં મયુરભાઈ વરુ, ચાપરાજભાઈ વાળા, સુરેશભાઈ વરુ અને ઉમેશભાઈ વરુનો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓને આગળની કાર્યવાહી માટે ખાંભા પોલીસ સ્ટેશનમાં સોંપી દીધેલ છે.

# ચલાલાના પત્રકારોનું અપમાનજનક ટિપ્પણી સામે આંદોલનનું એલાન

**પત્રકાર સંઘની બેઠકમાં આગામી રણનીતિ નક્કી કરવામાં આવશે**

ચલાલા,તા.૨૦

ચલાલાના એક વોટ્સએપ ગ્રુપમાં સ્થાનિક રાજકીય વ્યક્તિ દ્વારા તા.૧૯ જુલાઈની રાત્રે પત્રકારો અંગે કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીને લઈને પત્રકારોમાં ભારે રોષ ફેલાયો છે. પત્રકારોએ આ નિવેદનની નિંદા કરી પત્રકારત્વની ગરિમાને ઠેસ પહોંચાડનારી ગણાવી છે. ચલાલાના પત્રકારોએ સર્વાનુમતે નિર્ણય કર્યો છે કે સંબંધિત વ્યક્તિ જાહેરમાં ખેદ વ્યક્ત નહીં કરે ત્યાં સુધી તેમની પાર્ટીના કાર્યક્રમોના સમાચાર અને કવરેજથી દૂર રહેશે. ધારી તાલુકા પત્રકાર સંઘે પણ આ નિર્ણયને સમર્થન આપ્યું છે અને પત્રકારોના સન્માનની રક્ષા માટે સાથે રહેવાની ખાતરી આપી છે. પત્રકાર સંઘની બેઠકમાં આગામી રણનીતિ નક્કી કરવામાં આવશે.

# લગ્નની પ્રથમ વર્ષગાંઠ બાદ નવદંપતીના રહસ્યમય મોતથી સુરતમાં ચકચાર

સુરત,તા.૨૦

સુરત શહેરના કતારગામ ડભોલી ચાર રસ્તા પાસે આવેલી કિસ્મત કોલોનીમાં રહેતા નવદંપતીના રહસ્યમય મોતની ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી છે. લગ્નની પ્રથમ વર્ષગાંઠના બીજા જ દિવસે ૧૯ જુલાઈના રોજ ૨૩ વર્ષીય પતિ ઘરના પંખા સાથે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, જ્યારે તેની ૧૯ વર્ષીય પત્ની નીચે જમીન પર ચાદર ઓઢેલી મૃત હાલતમાં મળી આવી હતી. ઘટનાની જાણ થતા કતારગામ પોલીસ સ્થળ પર પહોંચી હતી.



પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. ઘટના અંગે પોલીસે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી છે. મૃત દંપતીના મોતનું કારણ હજુ રહસ્યમય બન્યું છે.

# ઉના તાલુકાના વરસિંગપુરમાં જુગારધામ પર પોલીસનો દરોડો

ઉના,તા.૨૦

ઉના તાલુકાના વરસિંગપુર ગામના કાંદા વિસ્તારમાં જાહેરમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે કાર્યવાહી દરમિયાન ૧૦



જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂ. ૨૭,૩૦૦ રોકડ રકમ તેમજ જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાતું સાહિત્ય જપ્ત કર્યું હતું. પોલીસે તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટના બાદ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

# અમરેલી પોલીસ દ્વારા નાસતા ફરતા ટોપ-૧૦ આરોપીઓની યાદી જાહેર

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લા પોલીસે નાસતા ફરતા ટોપ-૧૦ આરોપીઓની યાદી જાહેર કરી છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગના ઠરાવના અનુસંધાને પોલીસ અધિક્ષક અમરેલી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. યાદીમાં વિવિધ પોલીસ સ્ટેશનના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું છે કે, આ આરોપીઓ અંગે સાચી અને ચોક્કસ માહિતી આપનાર વ્યક્તિને રૂ.૧૦ હજારનું ઈનામ આપવામાં આવશે તેમજ માહિતી આપનારની ઓળખ સંપૂર્ણ ગુપ્ત રાખવામાં આવશે. યાદીમાં અમરેલી, લાઠી, બાબરા, સાવરકુંડલા, રાજુલા, ધારી અને ખાંભા પોલીસ સ્ટેશનના ગુનાઓના આરોપીઓનો સમાવેશ થાય છે.

પોલીસ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, નાસતા ફરતા આરોપીઓ અંગે કોઈપણ માહિતી હોય તો જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી અમરેલીનો સંપર્ક કરી જાણ કરવી. માહિતી આપનારની સુરક્ષાનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.


**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૨૧૭/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૬/૨૦૦૩

મજેઠીયા બાબુભાઈ રાણાભાઈ,
રહે.દાંડી, ગામ-દાંડી, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુજાવર ગની માર્કેટ, સહજાનંદ કોમ્પ્લેકસ, બીજો માળ, દુકાન નં.૧૦ ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, દાંડી,
ગ્રામ પંચાયત કચેરી, દાંડી, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મજેઠીયા બાબુભાઈ રાણાભાઈ, રહે.દાંડી, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પૌત્ર સતીષભાઈ રમેશભાઈ મજેઠીયાનો જન્મ તારીખ: ૦૧/૦૬/૨૦૦૩ ના રોજ ઉના તાલુકાના દાંડી મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના



**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં.૨૧૪/૨૦૨૬

પ્રતિ,
ચવાણ હનિફા સીદી,
રહે.બેલીમ ફળીયુ-નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.વી.સોલંકી, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, નવાબંદર
ગ્રામ પંચાયત કચેરી, નવાબંદર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નવાબંદર ગામના રહીશ સીદી ઓસમાણ ચવાણ તથા હનિફા સીદી ચવાણના પુત્રી મેમુદાબેન સીદી ચવાણનો જન્મ તા.01/01/1988 ના રોજ ઉના તાલુકાના નવાબંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નવાબંદર, તાલુકો-ઉના સને-1988 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૮/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના



**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં.૨૧૫/૨૦૨૬

પ્રતિ,
ચવાણ હનિફા સીદી,
રહે.બેલીમ ફળીયુ-નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.વી.સોલંકી, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, નવાબંદર
ગ્રામ પંચાયત કચેરી, નવાબંદર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નવાબંદર ગામના રહીશ સીદી ઓસમાણ ચવાણ તથા હનિફા સીદી ચવાણના પુત્રી શબાના સીદી ચવાણનો જન્મ તા.01/01/1989 ના રોજ ઉના તાલુકાના નવાબંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નવાબંદર, તાલુકો-ઉના સને-1989 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૮/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના


# અમરેલી જિલ્લામાં વરસાદી ઝાંપટા

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં સતત ત્રણ દિવસથી વરસાદી ઝાંપટા પડી રહ્યા છે. સતત પડી રહેલા વરસાદી ઝાપટાને કારણે રસ્તાઓ પર પાણી ખાબોચીયા ભરાતા મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાની શકયતા રહેલી છે. સોમવારે સૌથી વધુ વરસાદ બગસરામાં ૧૦ મીમી નોંધાયો હતો.


**CHANGE OF NAME**

I The Undersigned Bhavya Hiteshbhai Shah. Here by declare that I have change My Name Bhavya Hiteshkumar Shah To Bhavya Hiteshbhai Shah. Now onwards I Would be known as Bhavya Hiteshbhai Shah.

Bhavya Hiteshbhai Shah
B-18, Avadh Recidency, chital Road,
Amreli(Gujarat) Amreli-365601

# ચોમાસુ સત્ર પહેલાં પીએમ મોદીએ વિપક્ષને સહયોગની અપીલ કરી

**સંસદમાં તથ્ય અને તર્ક આધારિત અર્થપૂર્ણ ચર્ચા થવી સમયની જરૂરિયાત**

નવી દિલ્હી, તા. ૨૦



સંસદના ચોમાસા સત્રની શરૂઆત પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ રાજકીય પક્ષોને ગૃહની કાર્યવાહી સુચારુ રીતે ચલાવવામાં સહયોગ આપવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે સંસદમાં તથ્ય અને તર્ક આધારિત અર્થપૂર્ણ ચર્ચા થવી સમયની જરૂરિયાત છે.

પીએમ મોદીએ ભારતના પ્રથમ ખાનગી રીતે વિકસિત વિક્રમ-૧ અવકાશયાનની સફળ ઉડાન અને યુવા સ્ટાર્ટઅપ્સની સિધ્ધિઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે દેશના યુવાનો વિશ્વસ્તરે ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. આ દરમિયાન તેમણે આડકતરી રીતે વિરોધ પક્ષ પર પણ નિશાન સાધ્યું હતું. વડાપ્રધાને કહ્યું કે સંસદ દેશહિતના મુદ્દાઓ પર ચર્ચા માટે શ્રેષ્ઠ મંચ છે અને તમામ સાંસદોએ ગૃહની કામગીરીમાં સકારાત્મક સહભાગી બનવું જોઈએ.

# રામ મંદિર દાન કેસમાં અનુભવી અધિકારીથી તપાસ કરાવવા સુપ્રીમ કોર્ટે કર્યુ સૂચન

**તપાસ યોગ્ય નિષ્કર્ષ સુધી પહોંચે તે જ મુખ્ય હેતુ, આગામી સુનવણી ૨૭મીએ**

નવી દિલ્હી, તા.૨૦




સુપ્રીમ કોર્ટે અયોધ્યા રામ મંદિરના દાનમાં કથિત અનિયમિતતા મામલે સુનાવણી દરમિયાન તપાસ નિષ્પક્ષ અને પારદર્શક રીતે થવી જોઈએ તેવું જણાવ્યું છે. કોર્ટે ઉત્તર પ્રદેશ સરકારને એસઆઈટીના પુનર્ગઠન અંગે સૂચનાઓ મેળવી આગામી સુનાવણીમાં રજૂઆત કરવા કહ્યું છે. સુનાવણી દરમિયાન સરકારે જણાવ્યું કે તપાસ ચાલુ છે અને અત્યાર સુધીમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. કોર્ટે તપાસનું નેતૃત્વ અનુભવી વરિષ્ઠ આઈપીએસ અધિકારી કરે તેવી જરૂરિયાત પર ભાર મૂક્યો. દાનની રસીદો, સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવા સુરક્ષિત રાખવાના પણ નિર્દેશ આપવામાં આવ્યા. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ કેસનું રાજકારણ ન થવું જોઈએ અને તપાસ યોગ્ય નિષ્કર્ષ સુધી પહોંચે તે જ મુખ્ય હેતુ છે. આગામી સુનાવણી ૨૭ જુલાઈએ યોજાશે.

# સમાજવાદી પાર્ટીના સાંસદો વિદ્યાર્થીઓના સમર્થનમાં દિલ્હીના જંતર-મંતર પહોંચ્યા

**વિરોધીઓના પ્રવેશથી આંદોલન વધુ તેજ બન્યુ**

નવી દિલ્હી, તા. ૨૦

સંસદના ચોમાસા સત્રના પ્રથમ દિવસે સમાજવાદી પાર્ટીના સાંસદોએ વિદ્યાર્થીઓના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કરીને જંતર-મંતર તરફ કૂચ કરી હતી. ડિમ્પલ યાદવ, ઈકરા ચૌધરી સહિતના સાંસદોએ નીટ પેપર લીક મુદ્દે ચર્ચાની માંગ કરી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ ઉઠાવી હતી. અખિલેશ યાદવે સરકાર પર વિદ્યાર્થીઓની ચિંતાઓની અવગણના કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને બેરોજગારીના મુદ્દે સરકાર જવાબ આપે. સપાના નેતાઓએ જણાવ્યું કે વિદ્યાર્થીઓના હિતના મુદ્દાઓ સંસદમાં સતત ઉઠાવવામાં આવશે અને સરકાર સાથે સંવાદ શરૂ થવો જોઈએ.

# નાગાલેન્ડમાં ભારે વરસાદથી તબાહી, ભૂસ્ખલન થતાં ૮ લોકોના કરૂણ મોત

નવીદિલ્હી,તા.૨૦



નાગાલેન્ડના મોન જિલ્લામાં સતત ભારે વરસાદ બાદ થયેલા ભૂસ્ખલનથી ભારે તબાહી સર્જાઈ છે. ઘટનામાં ૮ લોકોના મોત થયા છે જ્યારે ૧૨ લોકો ઘાયલ થયા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ અત્યાર સુધી ચાર મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે અન્ય ચાર લોકો કાટમાળ નીચે દટાયેલા હોવાનું માનવામાં આવે છે. મોન શહેર અને તિજિત વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત બન્યા છે. એસડીઆરએફ, એનડીઆરએફ, આસામ રાઈફલ્સ, પોલીસ અને સ્થાનિક લોકો બચાવ કામગીરીમાં જોડાયા છે. અનેક મકાનોને નુકસાન પહોંચ્યું છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત શોધખોળ ચાલી રહી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ બેન્જામિન યેપથોમીએ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓ પ્રત્યે શોક વ્યક્ત કરી ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. તેમણે બચાવ અને રાહત કામગીરીમાં જોડાયેલા તમામ કર્મચારીઓ અને સ્વયંસેવકોના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી. ભારે વરસાદને કારણે વિસ્તારમાં જનજીવન પ્રભાવિત બન્યું છે.

# સંસદમાં રામ મંદિર અને પેપર લીક મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરતા ખડગે

નવીદિલ્હી, તા.૨૦



સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રામ મંદિર દાન, પેપર લીક અને વિદ્યાર્થીઓ પર થયેલી કાર્યવાહી જેવા મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી હતી. તેમણે રામ મંદિર દાન મામલે સ્વતંત્ર તપાસની માંગ કરી હતી. સાથે જ પેપર લીકની ઘટનાઓ માટે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ ઉઠાવી હતી. ખડગેએ આરોપ લગાવ્યો કે વિદ્યાર્થીઓનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે અને લોકશાહી પર હુમલો થઈ રહ્યો છે.

# ૧ સપ્ટેમ્બરથી પશ્ચિમ બંગાળ સરકારનું તમામ કામકાજ બંગાળીમાં થશે : સુભેન્દુ અધિકારી

કોલકાતા, તા.૨૦



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રાજ્ય વિધાનસભામાં જાહેરાત કરી કે ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬થી રાજ્ય સરકારનું તમામ સત્તાવાર કામકાજ બંગાળી ભાષામાં કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકારના તમામ વિભાગો અને કચેરીઓમાં બંગાળી ભાષાનો ફરજિયાત ઉપયોગ થશે. કેન્દ્ર સરકાર અને અન્ય રાજ્યો સાથેના પત્રવ્યવહારમાં પણ મુખ્યત્વે બંગાળી ભાષાનો ઉપયોગ કરવામાં આવશે, જ્યારે કેન્દ્ર સાથે જરૂરી હોય ત્યાં હિન્દીનો પણ ઉપયોગ કરાશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમની પશ્ચિમ બંગાળ મુલાકાત દરમિયાન બંગાળી ભાષામાં પત્ર લખી રાજ્ય વહીવટમાં બંગાળી ભાષાના વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે ભારતીય ભાષાઓને વહીવટ, શિક્ષણ અને જાહેર જીવનમાં યોગ્ય સ્થાન મળવું જરૂરી છે. તાજેતરમાં કોલકાતામાં યોજાયેલા કાર્યક્રમમાં પણ અમિત શાહે માતૃભાષા ઉપરાંત ઓછામાં ઓછી એક ભારતીય ભાષા શીખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને ભાષાકીય વિવિધતા જાળવવાનું મહત્વ સમજાવ્યું હતું.

# ચોમાસુ સત્રના પ્રથમ દિવસથી જ વિપક્ષ સરકારને અનેક મુદ્દે ઘેરશે

**સંસદનું આ ચોમાસુ સત્ર ટકરાવભર્યું રહે તેવી શક્યતા**

નવીદિલ્હી, તા.૨૦



સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે વિપક્ષ નીટ પેપર લીક, સોનમ વાંગચુક મુદ્દો, રામ મંદિર દાન અને ઈ-૨૦ પેટ્રોલ જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારીમાં છે. સત્ર દરમિયાન ભારે હોબાળાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. બીજી તરફ સરકારે સીમાંકન અને મહિલા અનામત સહિતના મહત્વના બિલ રજૂ કરવાની તૈયારી દર્શાવી છે. સર્વપક્ષીય બેઠકમાં સરકાર દ્વારા ચર્ચા માટે વિપક્ષને સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી. આ સત્રમાં રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ સુધારા બિલ, જન્મ-મૃત્યુ નોંધણી સુધારા બિલ અને આવકવેરા સુધારા બિલ સહિતના અનેક મહત્વના કાયદાકીય પ્રસ્તાવો રજૂ કરવામાં આવશે. રાજકીય સમીકરણોમાં આવેલા ફેરફારો વચ્ચે સંસદનું આ સત્ર ટકરાવભર્યું રહે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# ટીએમસીને હાઈકોર્ટમાં ઝટકો, ઈડી દ્વારા ફ્રીઝ કરાયેલા ખાતાઓ યથાવત રાખવાનો આદેશ

**કેસની દેખરેખ માટે નિવૃત્ત ન્યાયાધીશને ખાસ અધિકારી તરીકે નિયુક્ત કર્યા**

કોલકાતા, તા.૨૦



કલકત્તા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસને ઈડી દ્વારા ફ્રીઝ કરાયેલા ત્રણ બેંક ખાતાઓના ઉપયોગની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે. આ ખાતાઓમાં અંદાજે ૪૪૦ કરોડ રૂપિયા જમા હોવાનું જણાવાયું છે. અગાઉ અલગ બેન્ચે મર્યાદિત ઉપયોગ માટે કામચલાઉ રાહત આપી હતી, પરંતુ ઈડીએ ફરી ખાતાઓ ફ્રીઝ કર્યા હતા. કોર્ટે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈડીની કાર્યવાહી યથાવત રાખી છે. સાથે જ કેસની દેખરેખ માટે નિવૃત્ત ન્યાયાધીશને ખાસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કોર્ટે તપાસની પ્રક્રિયા અને ખાતા ફ્રીઝ કરવાની કાર્યવાહી અંગે પણ કેટલાક સવાલો ઉઠાવ્યા હતા.

# ત્રિપુરાના ડીજીપી અનુરાગ ધનખરનું શંકાસ્પદ સંજોગોમાં મૃતદેહ મળ્યો


અગરતલા, તા.૨૦



ત્રિપુરાના ડીજીપી અનુરાગ ધનખરનું શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. તેમનો મૃતદેહ અગરતલા પોલીસ હેડક્વાર્ટરના ઓફિસ રૂમમાંથી મળ્યો હતો. તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા બાદ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં મુખ્યમંત્રી માણિક સાહા સહિતના વરિષ્ઠ અધિકારીઓ હોસ્પિટલ પહોંચ્યા હતા. પોલીસે સ્થળ પરથી પુરાવા એકત્ર કરી તપાસ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે તેમ અધિકારીઓએ જણાવ્યું છે.

# ભારે વરસાદથી વૈષ્ણોદેવી અને અમરનાથ યાત્રા સતત બીજા દિવસે સ્થગિત રખાઈ

જમ્મુ, તા.૨૦



જમ્મુ-કાશ્મીરમાં સતત ભારે વરસાદને કારણે વૈષ્ણોદેવી, અમરનાથ અને શિવખોરી યાત્રા સતત બીજા દિવસે પણ સ્થગિત રાખવામાં આવી છે. જમ્મુ, કઠુઆ, સાંબા, ઉધમપુર અને રામબન સહિતના વિસ્તારોમાં અનેક યાત્રાળુઓ આધાર શિબિરોમાં રોકાયા છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ભારે વરસાદ અને ભૂસ્ખલનની શક્યતા વ્યક્ત કરી છે. વહીવટીતંત્રે યાત્રાળુઓને હવામાન અનુકૂળ ન થાય ત્યાં સુધી સલામત સ્થળોએ જ રહેવાની અપીલ કરી છે. કાશ્મીર તરફ જતાં વાહનોને પણ રોકવામાં આવ્યા છે. અધિકારીઓ હવામાનની સતત સમીક્ષા કરી રહ્યા છે અને સ્થિતિ સામાન્ય બન્યા બાદ જ યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવશે.

# બેંકિંગ શેરોમાં વેચવાલીથી શેરબજારમાં મોટો ઘટાડો, સેન્સેક્સ ૪૪૨ પોઈન્ટ તૂટ્યો

**એનએસઈ નિફ્ટી ૯૫.૮૦ પોઈન્ટ ઘટીને ૨૪,૨૩૮.૫૦ પર બંધ**

મુંબઈ, તા.૨૦




સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે બેંકિંગ શેરોમાં ભારે વેચવાલીના કારણે શેરબજાર ઘટાડા સાથે બંધ થયું. બીએસઈ સેન્સેક્સ ૪૪૨.૯૩ પોઈન્ટ ઘટીને ૭૭,૭૦૮.૫૨ પર અને એનએસઈ નિફ્ટી ૯૫.૮૦ પોઈન્ટ ઘટીને ૨૪,૨૩૮.૫૦ પર બંધ થયો. એક્સિસ બેંક, એચડીએફસી બેંક અને કોટક મહિન્દ્રા બેંક સહિતના શેરોમાં ઘટાડાથી બજાર પર દબાણ વધ્યું. બીજી તરફ ટ્રેન્ટ, સિપ્લા, પાવર ગ્રીડ અને ભારતી એરટેલના શેરોમાં તેજી જોવા મળી.

મિડકેપ અને સ્મોલકેપ શેરોએ સારું પ્રદર્શન કરીને રોકાણકારોને થોડી રાહત આપી. ડોલર સામે રૂપિયો ૧૭ પૈસા નબળો પડી ૯૬.૪૫ પર બંધ થયો. આગામી દિવસોમાં ત્રિમાસિક પરિણામો અને વૈશ્વિક બજારની ચાલ પર રોકાણકારોની નજર રહેશે.

# ગયાનામાં ૧૩૩ મુસાફરોને લઈ જતી બોટ પલટી, ૬૭ લોકોને બચાવી લેવાયા

**સરકારી અને ખાનગી બોટોની મદદથી ગુમ થયેલા મુસાફરોની શોધખોળ ચાલુ**

ગયાના, તા.૨૦




દક્ષિણ અમેરિકાના ગયાનામાં ૧૩૩ મુસાફરોને લઈ જતી 'એમવી બારીમા' નામની બોટ દરિયામાં પલટી જતાં અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માત બાદ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં ૬૭ લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે, જેમાં ૧૫ બાળકોનો સમાવેશ થાય છે. બોટ રાજધાની જ્યોર્જટાઉનથી પોર્ટ કૈટુમા જઈ રહી હતી ત્યારે પોમેરૂન નદી નજીક દુર્ઘટના સર્જાઈ હતી. સરકારી અને ખાનગી બોટોની મદદથી ગુમ થયેલા મુસાફરોની શોધખોળ ચાલુ છે. અત્યાર સુધીમાં કેટલા લોકોના મોત થયા છે તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. વડા પ્રધાન માર્ક ફિલિપ્સ સમગ્ર બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા છે અને સંબંધિત તંત્રને ઝડપી કાર્યવાહી કરવા સૂચના આપી છે.

# રાજય સરકારે નવી પેન્શન યોજનાના રોકાણ નિયમોમાં કર્યો મોટો ફેરફાર

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓ માટે અમલમાં રહેલી નવી અંશદાન પેન્શન યોજનાના રોકાણ નિયમોમાં મહત્વપૂર્ણ સુધારો કર્યો છે. નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ ગુજરાત સિવિલ સર્વિસિસ (ન્યૂ કોન્ટ્રિબ્યુટરી પેન્શન સ્કીમ) નિયમોમાં નવા રોકાણ વિકલ્પો ઉમેરવામાં આવ્યા છે. નવા નિયમો અનુસાર આક્રમક લાઈફ સાયકલ ફંડમાં હવે ૪૫ વર્ષની ઉંમર સુધી મહત્તમ ૭૫ ટકા ઈક્વિટી રોકાણ કરવાની મંજૂરી આપવામાં આવશે.



સુધારેલા નિયમો હેઠળ બેલેન્સ્ડ લાઈફ સાયકલ ફંડમાં ઈક્વિટી રોકાણની મહત્તમ મર્યાદા ૫૦ ટકા રાખવામાં આવી છે. કર્મચારી ૪૫ વર્ષની ઉંમરે પહોંચ્યા બાદ ઈક્વિટી રોકાણનું પ્રમાણ તબક્કાવાર ઘટાડવામાં આવશે. આ સુધારો ગુજરાત સિવિલ સર્વિસિસ (ન્યૂ કોન્ટ્રિબ્યુટરી પેન્શન સ્કીમ) (સુધારા) નિયમો, ૨૦૨૬ હેઠળ અમલમાં મૂકવામાં આવ્યો છે. સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ થતાં જ નવા નિયમો તાત્કાલિક અસરથી અમલમાં આવ્યા છે. આ ફેરફારથી કર્મચારીઓને તેમની રોકાણ પસંદગીમાં વધુ વિકલ્પો અને લવચીકતા મળશે.

# ખાંભાના રબારીકા ગામે સિંહે વૃધ્ધ પર હુમલો કરતા સારવામાં ખસેડાયા, ગ્રામજનોમાં ફફડાટ

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના તુલસીશ્યામ રેન્જ હેઠળ આવેલા રબારીકા ગામે મોડી રાત્રે સિંહે એક વૃધ્ધ પર હુમલો કર્યો હતો. રવજીભાઈ સેંજલિયા પોતાના ઘરમાં સૂતા હતા ત્યારે સિંહે તેમના પર હુમલો કર્યો હતો. હુમલામાં તેમના માથાના ભાગે સામાન્ય ઈજા થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં



ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ રબારીકા ગામે પહોંચી હતી અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી હતી. છેલ્લા કેટલાક સમયથી ખાંભા પંથકમાં સિંહોના હુમલાની ઘટનાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. અગાઉ ચતુરી ગામમાં પાંચ વર્ષના બાળકનું મોત અને ડેડાણ ગામે સિંહણ લોકોની પાછળ દોડ્યાની ઘટનાઓ પણ સામે આવી હતી. વન વિભાગના જણાવ્યા મુજબ હાલ સિંહોનો સંવનન કાળ ચાલી રહ્યો હોવાથી તેમના વર્તનમાં આક્રમકતા જોવા મળી શકે છે. ઘટનાને પગલે ગામલોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

# સોનમ વાંગચુકના સમર્થનમાં રાજયના અનેક શહેરોમાં વિરોધ

અમદાવાદ, તા.૨૦



સોનમ વાંગચુકના સમર્થનમાં ગુજરાતના અમદાવાદ, સુરત, જૂનાગઢ અને ભાવનગર સહિતના શહેરોમાં વિરોધ પ્રદર્શન યોજાયા હતા. અમદાવાદમાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે તંગદિલી સર્જાઈ હતી, જ્યારે સુરતમાં વિદ્યાર્થીઓ અને યુવાનો કલેક્ટર કચેરીએ એકત્ર થયા હતા. જૂનાગઢ અને ભાવનગરમાં પણ વિવિધ સંગઠનો અને કાર્યકરોએ પોસ્ટરો સાથે સરકાર સામે સૂત્રોચ્ચાર કરી પોતાની માંગણીઓ રજૂ કરી હતી.

# ઘર વિહોણા પરિવારો માટે રાજય સરકારે પ્લોટ દીઠ સહાય વધારી

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સરકારે ગ્રામ્ય વિસ્તારમાં ઘર વિહોણા પરિવારોને મફત પ્લોટ યોજના હેઠળ વધુ સહાય આપવાની જાહેરાત કરી છે. નવા ઠરાવ મુજબ મકાન માટે પ્લોટ વિકાસ ખર્ચમાં પાંચ ગણો વધારો કરીને પ્લોટ દીઠ સહાય એક હજાર રૂપિયાથી વધારી પાંચ હજાર



રૂપિયા કરવામાં આવી છે. ઉપરાંત ગામતળની ખાડા-ટેકરાવાળી જમીન સમતળ કરવા માટે મળતી સહાય પ્રતિ હેક્ટર ૫૦ હજાર રૂપિયાથી વધારી બે લાખ રૂપિયા કરવામાં આવી છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ સુધારો જાહેર કર્યો છે. નવા નિયમો તાત્કાલિક અસરથી અમલમાં આવ્યા છે, જ્યારે ૧ મે, ૨૦૧૭ના મૂળ ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રાખવામાં આવી છે. આ નિર્ણયથી ગ્રામ્ય આવાસ યોજનાના લાભાર્થી પરિવારોને વધુ રાહત મળશે.

# સોનગઢ ચેકપોસ્ટ પાસે અકસ્માતમાં આરએફઓ સહિત બેના કરૂણ મોત

તાપી, તા.૨૦

તાપી જિલ્લાના સોનગઢ ચેકપોસ્ટ નજીક ગેરકાયદે લાકડાં લઈ ભાગી રહેલા શખ્સોનો પીછો કરતી વન વિભાગની ટીમ અકસ્માતનો ભોગ બની હતી. ઘટનામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર વિકાસ દેસાઈ અને રેહાન ગામીતનું ઘટનાસ્થળે મોત થયું. પીછો દરમિયાન શંકાસ્પદ ઈનોવા કાર કન્ટેનર સાથે અથડાઈ હતી અને પાછળ આવતી કાર



પણ ધડાકાભેર ટકરાતા ગંભીર અકસ્માત સર્જાયો. તપાસમાં ઈનોવામાંથી ગેરકાયદે લાકડાંનો જથ્થો મળી આવ્યો છે. પોલીસ ફરાર કારચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

# વાસદ બાળકી અપહરણ, દુષ્કર્મ અને હત્યા કેસનો આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર

આણંદ, તા.૨૦

આણંદ જિલ્લાના વાસદમાં ચાર વર્ષની બાળકીના અપહરણ, દુષ્કર્મ અને હત્યાના કેસનો આરોપી સુરેશ પરમાર પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર થયો હતો. પોલીસના જણાવ્યા મુજબ આરોપીને લઈ જતી વખતે તેણે ઉલટી આવવાનું બહાનું બનાવી વાહન ઉભું રાખાવ્યું



અને ત્યારબાદ ચાકૂ વડે બે પોલીસકર્મીઓ પર હુમલો કર્યો હતો. પીએસઆઈએ ચેતવણીરૂપ ફાયરિંગ કર્યા છતાં આરોપી હુમલો કરતો રહ્યો હોવાથી સ્વબચાવમાં પોલીસે ગોળીબાર કર્યો હતો, જેમાં તેનું મોત થયું હતું. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અગાઉ પણ દુષ્કર્મ અને હત્યાના કેસોમાં સંડોવાયેલો હતો અને જામીન પર બહાર આવ્યા બાદ આ જઘન્ય ગુનો કર્યો હતો. સમગ્ર ઘટનાથી રાજ્યભરમાં ભારે રોષ અને શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

# રાજકોટમાં મિલકતના વિવાદમાં બે સગા ભાઈની હત્યા, ભત્રીજા સામે ગુનો નોંધાયો

રાજકોટ,તા.૨૦

રાજકોટના ગોપાલ ચોક નજીક આવેલી સોમનાથ સોસાયટીમાં મિલકતના ભાગના વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કરતાં બે સગા ભાઈઓના મોત થયા હતા. પોલીસના જણાવ્યા મુજબ હાર્દિક ધોળકિયાએ ઉશ્કેરાઈ પોતાના કાકા સુરેશભાઈ અને રાજેશભાઈ ધોળકિયા પર છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ બંનેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું




મોત થયું હતું. ઘટનામાં વચ્ચે પડેલા અન્ય પરિવારજનોને પણ ઈજાઓ પહોંચી હતી. આરોપી હાર્દિક પણ ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બીજી તરફ હાર્દિકે પણ સામાપક્ષ સામે હુમલાની ફરિયાદ નોંધાવી છે. યુનિવર્સિટી પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે હત્યા અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધી સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે.

# વટવા ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટમાં વધુ એકનું મોત થતા કુલ મૃત્યાંક ૧૦ થયો

અમદાવાદ, તા.૨૦

અમદાવાદના વટવા વિસ્તારમાં ગેરકાયદે ચાલતી ફટાકડા ફેક્ટરીમાં થયેલા ભયાનક વિસ્ફોટમાં વધુ એક ગંભીર રીતે દાઝેલા વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થતાં મૃત્યુઆંક વધીને ૧૦ થયો છે. સિવિલ હોસ્પિટલમાં હજુ ચાર દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાં એક મહિલાની હાલત અત્યંત ગંભીર હોવાનું હોસ્પિટલ તંત્રે જણાવ્યું છે. ૧૮ જુલાઈએ થયેલા વિસ્ફોટમાં અનેક શ્રમિકો દાઝી ગયા હતા અને આસપાસના વિસ્તારમાં પણ ભારે નુકસાન થયું હતું.



પ્રાથમિક તપાસમાં ફેક્ટરી ગેરકાયદે રીતે ચાલતી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે પોલીસ અને સંબંધિત વિભાગોએ તપાસ શરૂ કરી છે અને જવાબદારો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# રાજયમાં વરસાદની ઘટ સાથે વાવેતરમાં મોટો ઘટાડો નોંધાયો


ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં ચાલુ ચોમાસા દરમિયાન વરસાદની અછતને કારણે ખેતી અને જળસંગ્રહ પર અસર જોવા મળી રહી છે. ૧૮ જુલાઈ સુધીના સત્તાવાર આંકડા મુજબ રાજ્યમાં ગત વર્ષની સરખામણીએ વરસાદમાં ૨૨ ટકા અને વાવેતરમાં ૨૧ ટકા ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ માત્ર ૨૬.૫૬ ટકા વરસાદ થયો છે. ગીર સોમનાથ અને અમરેલી સિવાય મોટા ભાગના જિલ્લાઓમાં વરસાદ ઓછો રહ્યો છે. વરસાદની અછતને કારણે સરદાર સરોવર સહિત અનેક ડેમોમાં જળસંગ્રહ નીચા સ્તરે છે. આશરે ૧૦.૫૪ લાખ હેક્ટર વિસ્તારમાં ઓછું વાવેતર થયું છે. આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે તો કૃષિ ઉત્પાદન પર ગંભીર અસર પડવાની શક્યતા છે.

# સુરતના નાસીરનગર ડિમોલિશન કેસમાં હાઈકોર્ટની રાજ્ય સરકારને કડક ટકોર

સુરત, તા. ૨૦

સુરતના નાસીરનગર ડિમોલિશન કેસની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકાના વલણ પર કડક ટિપ્પણી કરી હતી. કોર્ટે જણાવ્યું કે તપાસના નામે કોર્ટની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ન કરવો જોઈએ. સરકારે અસરગ્રસ્ત પરિવારો માટે ૧૨૦



ફ્લેટ ઉપલબ્ધ કરાવ્યા હોવાની માહિતી આપી હતી, પરંતુ તપાસ સમિતિની કામગીરી, સીમા અને જવાબદારી અંગે સ્પષ્ટતા ન હોવા પર કોર્ટે સવાલ ઉઠાવ્યા હતા. આગામી સુનાવણીમાં સરકારના જવાબ પર સૌની નજર રહેશે.

# અમદાવાદના રામોલ ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં એસઆઈટીની કરાઈ રચના

અમદાવાદ, તા.૨૦

અમદાવાદના રામોલ વિસ્તારમાં ફેક્ટરીમાં થયેલા જીવલેણ બ્લાસ્ટ કેસની તપાસ માટે શહેર પોલીસ કમિશનરે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરી છે. ઘટનામાં થયેલા મોત અને ઈજાઓને ધ્યાનમાં રાખીને તપાસ વધુ અસરકારક અને પારદર્શક બને તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. એસઆઈટીનું સુપરવિઝન અધિક પોલીસ કમિશનર (સેક્ટર-૨) કરશે, જ્યારે ટીમમાં ઝોન-૪ના નાયબ પોલીસ કમિશનર, મદદનીશ પોલીસ કમિશનર અને રામોલ પોલીસ ઈન્સ્પેક્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ફાયર વિભાગ, વિસ્ફોટક અને ઈલેક્ટ્રિકલ નિષ્ણાતો સહિત વિવિધ વિભાગો સાથે સંકલન કરવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ બ્લાસ્ટનું ચોક્કસ કારણ અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી અંગે સ્પષ્ટતા થશે.

# પાવાગઢના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે રૂ. ૩૫૯ કરોડનો મેગા માસ્ટર પ્લાન અમલમાં મુકયો

**તમામ વિકાસ કાર્યો પૂર્ણ થયા બાદ પાવાગઢ વૈશ્વિક ધાર્મિક અને હેરિટેજ પ્રવાસન કેન્દ્ર તરીકે વધુ વિકસશે**

અમદાવાદ,તા.૨૦

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ ચાંપાનેર-પાવાગઢના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારે રૂ. ૩૫૯ કરોડથી વધુના મેગા માસ્ટર પ્લાનને અમલમાં મૂક્યો છે. ચાર તબક્કાવાળા



આ પ્રોજેક્ટના પ્રથમ બે તબક્કા પૂર્ણ થઈ ચૂક્યા છે, જ્યારે બાકીના કામ ઝડપથી ચાલી રહ્યા છે. ૧૮ જૂન, ૨૦૨૨ના રોજ પાવાગઢના શિખર પર ૫૦૦ વર્ષ બાદ ધ્વજારોહણ થયા પછી યાત્રાધામમાં શ્રધ્ધાળુઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ દરમિયાન ૩.૮૪ કરોડથી વધુ શ્રધ્ધાળુઓએ પાવાગઢની મુલાકાત લીધી છે. સરકારનો દાવો છે કે તમામ વિકાસ કાર્યો પૂર્ણ થયા બાદ પાવાગઢ વૈશ્વિક ધાર્મિક અને હેરિટેજ પ્રવાસન કેન્દ્ર તરીકે વધુ વિકસશે.

